" सत्य मेव जयते "

# ખેડુત.

## ભાગ ૧ લો

આવૃત્તિ ૧ લી (નકલ ૧૦૦૦)

અમદાવાદ

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં

સોમાલાલ મંગળદાસે છાપ્યું

કીંમત ૦-૪-૦ આના

# પ્રસ્તાવના.

ખેડા જીલાના ઉમરેઠ ગામની સરકારી ગુજરાતી નીશાળમાં અભ્યાસ કરતાં (સને ૧૮૫૭–૫૮) જ એક ચોપડીમાં "ઉત્તમ ખેતી" ની કેહેવત વાંચવામાં આવ્યાથી; કેળવણી લીધા પછીથી ખેતીના ધંધામાં પડાયતો ઠીક એવા વીચારે મનમાં બીજ રોપ્યું, અને તે પછીથી ફરવા જવાના કે બીજા કામ પ્રસંગે ગામની ભાગોળે કે બહાર જવુ થતાં શીમમાંના વાવેતર કે કુવેતર ખેતર વાડીઓમાં જવાની હોસ વધવા માંડી; અને તેમાંનો વાવેલો કે પાકેલો કીમતી મોલ શેરડી, આદુ, સુરણુ, રતાળુ અને ભાતભાતની શાક તરકારી વગેરે અને ખેડુતોને હોળ હાકતા અને કોસ ચલાવતા દેખી આનંદ થવા લાગ્યો; પરંતુ તે વખતે પુરતી ઉમર થએલી નહી, તેમ પૈસા વગેરેના બીજા સાધન ન હોવાથી મનમાંની વાત મનમાંજ રાખવી પડી. બાદ અમદાવાદ નોરમલ સ્કુલની સ્કોલરશીપ મળવાથી તેમાં દાખલ થયો, તેમાં કેળવણી લીધા પછીથી અમુક મુદત સુધી કેળવણી ખાતામાં નોકરી કરવાનું બંધન હોવાને લીધે એંગલોવરનાક્યુલર સ્કુલના માસ્તર તરીકેની નોકરીમાં જોડાયો, એટલે તો ચાલતી નોકરી મુકી દેવાનુ પરવડે એમ ધાર્યું નહી. પણ તેવામાં અમેરીકન વોરના કારણથી કપાસ અને તેની સાથે અનાજના પણ ઘણા ઉંચા ભાવ મળવાથી ખેડુતોને થતો લાભ દેખીને તેમજ પંચમહાલ ખાલસા થએથી ત્યાંની પુશકળ પડતર જમીન કેટલીક પ્રકારની ફાયદા કારક સરતોથી આપવાનાં જાહેરનામાં પ્રસીધ થએલા વાંચવામાં આવવાથી પાછુ ખેતીવાડીના ધંધામાં પડવાને મન ઉશકેરાઈ આવ્યું; અને સને ૧૮૬૮–૬૯ માં ચાર પાંચ ખાસ મીત્રોની કંપનીથી તે કામ માથે લેવા

નો વીચાર થયો, અને પંચમહાલમાં કેટલાંક ગામોમાં ફરી જમીન વગેરેની તપાસ કરી આવ્યા, પણ પછીથી તે બાબતની ગોઠવણના જેમ જેમ ઉંડા વીચાર કરવા માંડયા તેમ તેમ તેમાં મુખ્યત્વે નાણા સંબંધીની અને બીજી અડચણો અને મુશકેલીઓનો આભાસ આવવા લાગ્યો, અને દીવસપર દીવસ જતાં, સામીલ થનારા દોસ્તદારોમાંના કેટલાકને સારા પગારની સરકારી નોકરીઓનો ચાન્સ મળવાથી વાત ખોળંબે પડી પરંતુ મનમાંથી તો "ઉત્તમ ખેતીના" વીચાર ખસ્યા નહી, તેથી તેને લગતાં અંગ્રેજી તેમ ગુજરાતીમાં પ્રસીદ્ધ થતાં પુસ્તકો અને ચોપાન્યાં વગેરે વાંચવાનું તથા પ્રસંગ મળતાં ખેતરો અને વાડીઓમાં અવલોકન કરવાનું અને લાગતા વળગતા તથા પાવરધા ખેડુતોને પુછપરછ વગેરે કરવાનું જારી રાખ્યું. અને સને ૧૮૭૭ માં રેવીન્યુ ખાતામાં જોડાવાનો પ્રસંગ મળ્યો, એટલે અવલકારકુનની નોકરી મળી તેની રૂએ અમદાવાદ જીલ્લાના બધા મહાલ અને પેટા મહાલોમાં ફરવાનું થયું. અને તે દરેક તાલુકાનાં ઘણાં ખરાં ગામે સરકારી કામ પ્રસંગે ફરવાનું થતાં, ત્યાંની જુદા જુદા પ્રકારની જમીન, પાક અને ત્યાંના ખેડુતોની ખેતી કરવાની રીત તથા તેમના સંસારી વ્યવહારીક રીવાજો, અને ઘરગતુ સ્થીતી અને રહેણીને લગતી વાકેફગારી કેટલેક અંશે નજરો નજર જોઇને અને કેટલેક અંશે તેમની સાથે હળીમળીને પુછ પરછથી મેળવી. અને મેં પણ મારા બુકીશ જ્ઞાનનો અને બીજા તાલુકેથી મળેલા અનુભવ અને ચરોતરના ખેડુતોની ખેતી કરવાની ચઢીયાતી રીત વગેરેની હકીકતોથી તેમને વાકેફ કરવાની તક હાથમાં લીધી. ગામડાના સાદા ભોળા ખેડુતો બીચારા જો તેમને સરકારી નોકરો અને વીશેશે કરીને તેમનાં તાલુકાના અધીકારીઓ લગાર પણ મીઠી નજરથી જો

આવે અગર તેમની સાથે ઉમળકાથી વાતચીત કરે તો તેઓ ઘણાજ ખુશી થઇ જાય છે; અને નામદાર સરકારની રૂડી રાજ્યનીતીની વાહ વાહ કરવા મંડી પડે છે, અને ઉપકાર માને છે. મને પણ આમ કરવાથી ઘણોજ આનંદ થતો, તેની સાથે ખેતીવાડીને લગતુ અને તેમના સંસારી વ્યવહારી ક રીત રીવાજો સંબંધીનું કેટલુંક નવું જ્ઞાન પણ મળતું. લગભગ ૨૦ વરસ અવલકારકુનની નોકરી કરી (હાયરસ્ટેન્ડર્ડની પરીક્ષા પાસ નહી કર્યાથી ચઢતા દરજ્જાની નોકરીનો દરવાજો બંધ હતો) સને ૧૮૯૭ માં પેનશન આપવાથી, મુળનો ધારેલો અને અતી પ્યારો તથા વહાલો ખેતીનો ધંધો (જુજ વીસ્તારની જમીનપર) હાથ લેઇ, વાનપ્રસ્થ અવસ્થાનો લાહાવો લેવા માંડયો છે તેથી

આ પુસ્તક પ્રસીદ્ધ કરવામાં કાંઇ પણ લાભ કે પેદાશ કરવાની કે પ્રસીદ્ધી પામવાની આશા નથી. પરંતુ છેલા છપનીયા દુકાળ પછીથી અને વીશેશે કરીને નવું "લેન્ડ રેવીન્યુ બીલ" કાઉન્સીલમાં દાખલ થયા પછી આ પ્રાંતના ખેડુતોની ગરીબાઇ અને કરજદારીની હાલત વીશે ઠેર ઠેર ઘણી ચરચા અને લખાણો તથા ભાશણો થવા લાગ્યાં છે; અને તેનો દોશ કેટલાક નામદાર સરકારની રાજનીતી અને તેનો અમલ કરનારા પ્રતીનીધીઓને માથેજ ઓરાડવાનો પ્રયત્ન કરવા લાગ્યાથી, અને મને તે વ્યાજબી કે ખરૂં નહી લાગ્યાથી; આ બાબતમાં પાછળ બતાવ્યા મુજબ મળેલા અનુભવ અને તપાસથી જણાઇ આવેલી ખરી હકીકત જાહેરમાં મુકવાની નામદાર સરકારના પેનશનર તરીકેની મારી ફરજ અદા કરવાની સાથે ભાઇબંધ પ્રજા ખેડુતોની ઉન્નતી થાય, એજ આશા અને અભીલાશા ધરાવું છું; તે પરમ કૃપાળુ અને ગરીબોનો બેલી ઇશ્વર પુર્ણ કરે એવી તેની ખરા અંતઃકરણથી પ્રાર્થના કરૂં છું.

વળી દેશ દાઝ જાણુવાનો દાકો ધરાવનાર ગ્રહસ્થોને પણ વીનંતી કરવાની કે તમો પણ ખેડુતો અને બીજી ભાઇ બંધ રૈયતના લાભની જે જે માગણીઓ કરો છો, તે લગાર વધારે નરમાશથી અને ગળે ઉતરે તેવી રીતે રજુ કરશો તો હાલના જેવા ભલા દયાળુ અને રૈયતની ઉન્નતીની કાળજી ધરાવનાર રાજ્યના પ્રતીનીધીઓ નામદારો લોર્ડ કરઝન અને લોર્ડનોર્થકોટ તે માગણીઓ સ્વીકારવાને કે સ્વીકારવાની ભલામણ કરવાની ઉમદા તક હાથથી જવા દેશે નહી.

વળી ફરીથી અરજ કરવાની કે આ પુસ્તક પ્રગટ કરવામાં લોક કલ્યાણ શીવાય બીજુ હીત ધરાવતો નહી હોવાથી, આમાનું કાંઇ પણ લખાણ કોઇને પણ અરૂચીકર કે અપમાન ભરેલુ લાગે તો મહેરબાની કરી જણાવવાની તસદી લેશો, એટલે તુરતાતુરત વગર આનાકાની કરે તે સુધારી લેવાની અને પુરતી માફી માગવાની યોગ્ય તજવીજ કરીશ. નાહક તેમની ખફા મરજી કે અપ્રીતી તળે આવવાની મારી બીલકુલ મરજી નથી. અને બનતા સુધી તો એ વાતપર નજર રાખીનેજ લખાણ કરેલું છે;

આ પૂસ્તક જે ગ્રહસ્થો તરફ મોકલવામાં આવશે તેમને ભેટ તરીકેજ છે. અને તે ઘણા સખસો તરફ છુટથી મોકલવામાં આવશે. છતાં કોઇ ગ્રહસ્થ એકથી વધારે નકલો મંગાવી કીંમત બદલ કાંઇ પણ રકમ મોકલશે તો ઘણા આભારની સાથે કબુલ રાખીશ.

અમદાવાદ. લાખાપટેલનીપોળ } મોહનલાલ કલ્યાણજી.
તા. ૨૨ અકટોંબર ૧૯૦૧ } કર્તા.

# અનુક્રમણીકા.

ॐ तत्सत् परमात्मने नमः

सत्यमेव जयते॰

---

# ગુજરાત પ્રાંતની ખેતીવાડી અને ખેડુતોની સ્થીતી સુધારવાના ખરા ઉપાય.

---

જો કે સ્વાભાવિક અને સાધારણ નીયમ મુજબતો દેશની ખેતીની હાલત બગડેથી ખેડુતોની હાલત બગડે ખરી, પરંતુ આ ગુજરાત પ્રાંતમાં તો તેથી ઉલટુ એટલે ખેડુતોની હાલત બગડવાથી ખેતીવાડીની હાલત બગડી છે, અને બગડતી જાય છે; અને તેથી કરીને આ પુસ્તકમાં પ્રથમ ખેતીવાડીને સુધારવાને લગતી હકીકત નહી દરસાવતાં ખેડુતોની દુરદશા કરનાર કારણો અને તે દુર કરવાના ઉપાયો વીશે લખવામાં આવ્યું છે.

અંગ્રેજી રાજ્યના પ્રતાપથી ઠેર ઠેર રેલવેની શડકો, અને નવા અને સીધારોડ એટલે રસ્તા બંધાયા છે, ફ્રીટ્રેડ એટલે દાણ જકાત વગેરે લેવાનાં નાકાં અને બીજી રીતે વ્યાપારની વૃધીને અટકાવ કરનારા કારણો નાબુદ થયાં છે, સુધરેલી રીતનાં ખેતીવાડીનાં ઓજારો અને ખાતર મેળવવાનાં સાધન, પાણી પીવાને માટે બંધાયલા કાંસ, અને બંધ બાંધેલાં તળાવો, તેમજ યુરોપ અમેરીકા આદી સુધરેલી ખેતીવાળા દે-

શોના વીદવાનો અને ખેડુતોનો સમાગમ, અને લગતાં પુસ્તકો અને ચોપાન્યાં વાંચવા વગેરેનાં સાધનો મળેલાં છે; તેમ નામદાર સરકાર પોતે પણ ખાસ ખેતીવાડી ખાતુ સ્થાપી, તથા તગાવી તરીકે ધીરવાને મોટી નાણાની રકમો કાઢી, અને બીજી કેટલીક રીતે ખેતીવાડીની હાલત સુધારવાને બનતી કાળજી અને ખંત ધરાવે છે; અને ખેડુતો પોતે પણ કેટલેક દરજ્જે પોતાની અસલી રીત છોડી સુધરેલી રીતથી ખેતી કરવાને મળેલી સગડતાઓનો લાભ લેવાને લલચાયા છે, છતાં પણ દીલગીરીની સાથે કહેવું પડે છે કે ખેડુતોની હાલત દીનપરદીન વધારેને વધારે ગરીબ થતી ગઈ છે.

આ પ્રાંતની વસ્તીનો લગભગ ¾ પોણો ભાગ ખેડુતો અને ખેતીની નીપજ ઉપર પોતાની આવકનો આધાર રાખનારાઓનો છે, અને તેમાંના સેંકડે ૭૫ ટકાની હાલત વધારે નહીતો આ છેલી વીશી એટલે પાછલાં વીશ વરસમાં વધારે નબળી થઇ ગઇ છે, એમ કહીએ તો ચાલે–પછી તે ઠાકોર હો કે નવાબ, તાલુકદાર હો કે ગરાસીયો, વતનદાર હો કે જમીનદાર, બાપીકી જમીન ધરાવતો કે ગણોતીઓ ખેડુત કે બહારખલી જમીન કે સરકારી જમીન, વેચાણ કે ગીરો રાખી ઘેર નોકર રાખી ખેતી કરાવનારો અગર ભાગે કે સાંથે આપી ખેતી કરાવનારો હો,—ઠાકોરો અને નવાબોના કહેવાતા ભરચક ખજાના ખાલી થઇ ગયાનું બોલાય છે, તાલુકદારો અને ગરાસીયા કરજદાર થઇ ગયા છે; વતનદારો અને જમીનદારોની જમીન તેમના લેણદારોને લખી આપવી પડી છે. જમીન વેચાણ કે ગીરો રાખી નોકરો પાસે ખેતી કરાવનારા ઉલટી ખોટના ખાડામાં ઉતર્યા છે; અને હાથે ખેતી કરનારા ખેડુતોમાંનાતો કરજદારની સાથે ભુખનાં દુખ ભોગવ

વાની હાલતે પહોચવા આવ્યા છે.

મોટાં શહેર અને કસબાના ગામોને ન લેતાં નાનાં ગામડાં, પરાં, કે મુવાડાં જેમાંની બધી વસ્તી ખેતીનો ધધો કરનારી અને કરાવનારી હોય છે—તેમાં જઇ તપાસ કરશોતો સેંકડે ૭૫ ઘર પીઢરીયાં એટલે માટી કે સાંઠીઓની ભીંતો અને ઘાસનાં છાજનાં છાપરાંવાળાં, અને ૨૦–૨૫ ઘર ઇંટો નળીયાંવાળાં, અને જુજ મેડી મથાળાંવાળાં કે છોવાળાં માલમ પડશે, તેમજ ઘરની અંદર જઈ જોશોતો. સેંકડે ૭૫ ઘરમાં સર સાગાન અને રાચરચીલા તરીકે રહેનાર માણસના પ્રમાણમાં એક બે ત્રણ કે ચાર ભાગ્યા તુટયા જુજ વળીયોના ખાટલા અને ફાટલી ગોદડીઓના ગાભા અને પાંચ દસ માટીનાં માટલા અને ઘડા અને કલેંડાં ને એકાદ બે ત્રાંબાપીતળના લોટા અને એકાદ કાંસાનું ત્રાંસળું અને દળવાની ઘંટી એ શીવાય કશું માલમ પડશે નહીં. વળી એકાદબે વાણીઆ કે લવાણા, પાંચ દશ કણબી પાટીદાર શીવાય બીજી વસ્તીમાંના કોઇના ઘરમાં આવતી કાલને માટે જોઇતું અનાજ જોવામાં નહી આવે. રોજનું રોજ પૈદા કરવાના આધારવાળા હોય છે. તેમનાં ઘરનાં બધરાં છોકરાં ચોમાસામાં લીલી ઘાસ વાઢી લાવી અને વગડામાં પોતાની મેળે ઉગતી શાકતરકારી એકઠી કરીને લાવીને અને સુકી મોસમમાં બળતણનાં લાકડાં છાણા એકઠાં કરીને કે બીજા જંગલનાં ફળ પાંદડાં વીણી લાવીને બીજી સવારમાં વેહલાં મળસકામાં ઉઠી. નજીકના એટલે એકથી ચાર પાંચ ગાઉ દુરના શહેર કે કસબામાં જઇ વેચી તેની કીમતના આનો બે આનો કે ચાર આના ઉપજે તેમાંથી સસતામાં સસતુ અને ઉતરતામાં ઉતરતી જાતનું અનાજ અને મીઠું મ

મશાલો ખરીદ કરી લેઇ જઇ પેટને ભાડુ આપે છે. અને ઘરના મરદો સખત મેહેનત કરી અને તાપ તડકો અને ટાઢ વેઠી તથા રાત દહાડો ખેતરમાંજ રહી પોતાની ખેતીનો ધંધો કરે છે; અને તરસાળો કાઢે છે ત્યારે ખેતીને લગતું ખરચ ( બીજ–ખાતર–દાડીયા વગેરેનું ) કાઢતાં અને સરકાર વીઘોટી ભરતાં કાંઇ પણ વધારો વધેલો જોતો નથી, ત્યારે નીરાશ થઇ જઇ મનમાંને મનમાં મુઝાય છે; અને પરમેશ્વરને કહે છે કે " હે પ્રભુ તેં મને ખેડુતના ઘેર કયાં અવતાર આપ્યો. " આથી તો સુતાર કડીયાની સાથે જવાની કે બીજી રોજીંદી મજુરી કરનારનો ધધો ભલો કે પેટનો નીભાવ થાય અને નીરાંતે ઊંઘાય પણ ખરૂં. બેશક એતો ખરૂજ છે કે સાધારણ સારાં વરસોમાં પણ સેંકડે ૨૫ જણ ફક્ત સરકારની વીઘોટી ભરવા જેટલું સેંકડે ૨૫ વીઘોટી અને ખેતીનું ખરચ કાઢવા જેટલું અને સેંકડે ૨૫ તે ઉપરાંત પોતાના ઘરનું ખરચ કાઢવા જેટલું ખેતીમાંથી પેંદા કરતા હશે; અને શાહુકારનું કરેલા કરજનું વ્યાજ વટાવ વગેરે આપતાંતો જવલેજ કોઇ ફાજલ પાડી શકતો હશે.

બીલકુલ ખેતીનાજ ધંધાની પેદાશથી ગરીબાઇમાંથી પૈસાદાર થએલાનો દાખલો તો ભાગ્યેજ માલમ પડી આવશે. પરંતુ ખેડુતવર્ગમાંના પૈસાદારની હાલતમાંથી ગરીબાઇની હાલતમાં આવી પડેલાઓ જોઇએ તેટલા માલમ પડી આવશે.

હાલમાં કેટલાક દેશદાઝ જાણનારા વર્તમાન પત્રના અધીપતીઓ, ગ્રંથ કરતાઓ અને જાહેર ભાષણ કરનારાને વક્તાઓ ખેડુતોની આવી દુરદશા થઇ પડવા વીશે જાહેર પોકાર ઉઠાવવા લાગ્યા છે; પણ કેટલાક તેનો દોશ એકલા નામદાર સરકાર અને તેના અધીકારીઓને માથે પણ ઓરાડ-

વા જાય છે. તે ઠીક નથી. વળી આ સાદા ભોળા અને સંતોશી ખેડુતો પણ તેવું માનતા નથી. ખરૂં પુછોતો આ દેશની પ્રજામાં ખેડુત વર્ગના જેવા બીજા થોડાજ અંગ્રેજી રાજ્યથી મળતા સુખ અને ઉપકારના ઓશીંગણ અને નીમકહલાલી ધરાવતા હશે, તેમાં વળી છેલ્લા દુકાળમાં અને તે પછીનાં વર્ષમાં તેમને અને તેમનાં ઢોરોને બચાવવા તથા તેમને ટટાર રાખી ખેતીવાડી ચાલતી રખાવવામાં સરકાર તરફથી નાણાંની અને બીજી કેટલીક રીતની મદદ મળી છે. તેને માટેતો તેઓ મુગાં પ્રાણીની માફક અંતઃકરણથીજ આશીશ દેછે.

આમ છતાં ખેડુતવર્ગની ઘણી ગરીબ સ્થીતી થઇ પડી છે એ વાતથી હવે નામદાર સરકાર પણ અજાણ હોય એમ લાગતું નથી. સને ૧૮૭૭–૭૮ના દુકાળ પછીથી ચાર આની અને છેલા સને ૧૯૦૦ના છપનીયા દુકાળ પછી થીતો આઠ દશ આની ખાતરી થઇ છે. પરંતુ તેમ થવાનો દોશ તેમને પોતાને માથે ઢોળવામાં આવે છે, તે માન્ય કરી શકાતું નથી. અને ખરી નીષ્પક્ષપાત નજરે જોઇએ તો તેમ છે પણ નહી—પણ તેમ થવાનાં એકથી વધારે જુદાં જુદાં કારણો છે ખરાં. જેમ ખેડુતોની આવી દુરદશા થવામાં કેટલાક સરકારની રાજ્યનીતીને અને સરકારના વહીવટ અધીકારીઓને કારણ ભુત ગણે છે, તેમ કેટલાકતે ખેડુતોને પોતાને, કેટલાક તેમને ધીરધાર કરનાર વાણીઆ અને મારવાડી સાહુકારોને, અને કેટલાક આ ચાલતા કળીયુગના કાળને પણ ગણે છે.

હવે ઉપર બતાવેલાં ચાર કારણોમાંનું ખરૂં કારણ શું છે, અગર તે શીવાયનાં બીજાં કોઇ કારણ હોયતો તે કયાં તેની નીશપક્ષપાતપણે અને પુરતી રીતે તપાસ કરવાની ઘણી જરૂરછે.

અને તે કારણો જેમ બને તેમ વહેલાસર દુર કરવાની પણ ઘણી જરૂર છે; કેમકે આમને આમ ચાલવા દેવાથી તો ખેડુતોની સાથે બીજા ધંધાદારી વર્ગોની પણ તેવીજ દશા થઈ પડવાની ધાસ્તી રહે છે. હવે આ તપાસ કોના તરફથી અને શીરીતે થવી જોઇએ ? આપણને તો સઘળી બાબતો-માં સરકાર ઉપર આધાર રાખવાની જરૂર પડે છે, અને સર કાર કમીશનો વગેરે નીમી તપાસ કરે છે તેમના ઉપર એક તરફીપણાનો વહેમ આવી ભરૂસો રખાતો નથી. ખેડુતોની હા-લની સ્થીતી જોતાં તેઓમાંથી કોઇ આગેવાનો નીકળી કરી શકે તેમ નથી, અને દેશદાઝ જાણનારાઓથી તો લખી છાપી પ્રસીધ્ધ કર્યા શીવાય બીજી રીતે થઇ શકવાનું નહીં. તો ખરો રસ્તો એજ છે કે આ ત્રણે શાખાઓએ એકત્ર થ ઇ આ તપાસ કરવી ઘટારત છે. કમીશનમાં બધા અગર ઘ ણા ભાગના કમીશનરો સરકારી અધીકારીઓમાંથી નીમવામાં આવે છે. તેને બદલે પ્રેસીડેન્ટ તરીકે સરકારના કોઇ યોગ્ય અને ઉંચા દરજ્જાના અધીકારીને નીમી બીજા મેમ્બરો જમી નદાર વર્ગમાંથી ફક્ત એકલુ ભણેલાજ નહિ પણ તેની સાથે ગણેલા એટલે એ ધંધામાં પલોટાયલા એવા ઓછામાં ઓછા ત્રણ અને દેશદાઝ જાણવામાં પંકાયલા એવા વર્તમાન પ ત્રના અધીપતીઓ અને ગ્રંથકરતાઓ વગેરે તથા ઇલાકાની કાઉન્સીલમાં અને જીલ્લા લોકલબોર્ડ અને મ્યુનીસીપાલીટી ઓમાં પ્રજાની તરફથી ચુંટાઇ કહાયલા એવાઓમાંથી ત્રણને નીમવા જોઇએ. અને તપાસના પરીણામના રીપોર્ટ કરવામાં સઘળા એકમત ન થાય તો જેમના મત જુદા પડતા હોય તેમના જુદા રીપોર્ટ લેઇ છપાવી પ્રસીદ્ધ થયા બાદ તે ઉપર યોગ્ય મુદત સુધી પ્રજામતની ચર્ચા અને ટીકાઓ થવા દેઇ

પછી જે ઉપાયો લેવા ધરે તે લેવા જોઇએ વળી આ તપાસ પ્રેસીડેનસી તરીકે જીલ્લાના મુખ્ય શહેરમાં બંગલામાં બેશીને કરવાને બદલે દરેક જીલ્લામાંના દરેક તાલુકામાંના બે આબાદ, બે મધ્યમ અને બે કનીષ્ટ સ્થીતીનાં ખેડુતોની વસ્તીવાળાં ગામ પસંદ કરી ત્યાં જાતે જઇ અમુક અમુક ઘર આગળ અને ખેતરમાં જઇને જાતે નજરો નજર જોઇ, અને તે ઘરમાં રહેનારા અને ખેતરમાં ખેતી કરનાર આશામીઓને, કઢાવવા ધારેલી બાબતોને લગતા વળગતા સવાલ સાદી સરળ અને તેઓ સમજી શકે તેવી ભષા અને રૂપમાં પુછવા જોઇએ. જો કે તેઓ અભણ અને અણુઘડ હોવાથી કેળવાયલા, પાવરધા અને નામાંકીત સખસોના જેવી ગોઠવણુ કરેલી અને સહરાગત ભરેલી બંધ બેસતી કે દીપતી જુબાનીઓ આપતાં નહીં આવડે. અથવા પુછેલા સવાલના જવાબ એકદમ પુરેપુરી હકીકત મળી આવે એવા આપી નહી શકે, અથવા તેમની તોછડી ભાષાથી કંટાળો આવવા જેવું થશે; પરંતુ જે ખરેખરી હકીકત છે તે તો તેમનામાંથીજ નીકળી આવવાની. નહીંતો હાલની માફકની કરાવેલી તપાસોથી તો ઉપર મુજબના મત ભેદ ચાલુજ રહેવાના હવે ઉપર મુજબની તપાસ થાય, અને તેનું પરીણુામ બહાર પડે ત્યાં સુધી રાહ જોવામાં તો ઘણો વખત નીકળી જાય તે પાલવે તેમ નથી. માટે તે દરમીયાનમાં મારા પોતાના અનુભવ અને કરેલી તપાસ અને પુછપરછ ઉપરથી આ બાબતમાં જે અનુમાન અને અભીપ્રાય ઉપર આવ્યો છું તે નામદાર સરકાર, અને ખેડુત વર્ગ સમસ્ત અને લાગતા વળગતા બીજા સખસોની સમક્ષ રજુ કરૂ છું.

ખેડુતોની ગરીબાઇ થઇ જવાનાં ઉપર જે ચાર કારણો

અરસપરસના સબસો બતાવે છે. તેમાંના કોઈ પણ એકના ઉપર સઘળો દોશ મુકી શકાતો નથી. પરંતુ કેટલેક અંશે બધાંના ઉપર લાગુ પડી શકે છે ખરો–૧ મૂખ્યત્વે એટલે પ્રથમોધ્યાયતો ખેડુતો પોતેજ છે; ૨ બીજે નંબરે તેમને ધીરધાર કરનારા લેણદાર, ૩ ત્રીજે નંબરે સરકારની રાજ્ય નીતી નહી પણ અમલ કરનારા અધીકારીઓ અને ૪ ચોથે નંબરે હાલનો કાળ જેને કળીકાળ કહે છે તે પણ છે ખરો. ૧ લું કારણ ખેડુતો પોતેજ છે, એટલે તેઓ ઘણા ગરીબ અને કરજદાર થઇ ગયા છે, તે કાંઇ ખેતીમાંની ખોટના કારણથી નહીં પરંતુ લોકો જેને આડખરચ કહે છે, તેવાં આડ ખરચ કરવાથીજ થએલા હોય છે. એટલે એકતો જેને સૌથી મહત્વનું ગણેલું એવું માબાપના મુવા પાછળ કરવાના બારમા અથવા કાયટાનું છે. બીજુ તેમની બેહન દીકરીઓના લગન સંબંધીનું અને ત્રીજુ તેમના દીકરાઓને પરણાવવા માટે કન્યાઓ મેળવવાનું છે. બીજી જાતો અને ધંધાવાળા પણ આવા ટાણે ખરચતો કરે છે. પરંતુ તેઓ પોતાના ગજા ઉપરાંત કવચીતજ કરે છે. આ ખેડુત વર્ગના મોટા મોટા જમીનદારો એટલે તાલુકદારો અને ગરાશીયાથી તે પાંચ દશ વીઘાના ખાતાદાર સુધીના દરેક જણ પોતાના ગજા ઉપરાંત અને ઘણે ભાગે તો માથે દેવું કરીનેજ કરે છે. હાલમાં આવી દુરદશાએ પહોચ્યા છે છતાં પણ ઉપર બતાવેલા પહેલા નંબરના એટલે બારમા, કાયટાં કરવામાં ગામ સારણી એટલે આખુ ગામ એકી વખતે જમાડવા પાછળા, દેશ તેડવા એટલે પોતાના ગોળ એટલે જથાના ગામોવાળા પોતાની ન્યાતીલાઓને તેડાવી બે ચાર દીવસ રાખી સાંજ સવાર મીષ્ટાન જમાડવા તથા કાણુ—મોકણે આવનારાઓના

રાવણુામાં કુંસુંબા તંબાકુ પાવા અને ટોકા કે મીઠાઇ ખવરાવવા વગેરેના લગતા ખરચને નામે દરવરશે લાખો રૂપીયાની રકમ વપરાઇ જતી હશે અને તેમાંનો સેંકડે પચીસ ટકા કદાપી ઘરમાંની રોકડ પુંજીની અને બાકીની ૭૫ ટકા તો ઘરમાંના સોના રૂપાના દાગીના, રહેવાનાં ઘર અને ખેડવાની જમીન વેચીને કે ગીરો મુકીને કે અંગ ઉધાર ભારે દરના વ્યાજે કરજે કાઢેલીજ હશે. વધારે દીલગીરી ભરેલું એ છે કે કુળ કે વંશ અને ઓલાદમાં એક પંગતીમાં ગણુાતાઓમાંના દરેક જણુ એટલે ખાતેપીતો, ગરીબ, કે કરજદાર એટલે શક્તીવાળો અને વગર શક્તીવાળો સરખે દરજ્જે આ ટાણે ખરચ કરવાની હોંસ અને હીંમત ધરાવે છે અને અગાઉ રૂ૧) નું પાંચશેર ૭ શેર ઘી મળતું અને હાલ સવાશેર દોઢશેરનું મોઘું મળે છે, તોપણ તાંબડીની ધારે ઘી પીરશાનો જશ લેવાને અચકાતા નથી. આવા જમણોમાં ખાધાં કરતાં ઢોળાઇ બગડવામાં, વસવાઇયાંને પીરસ્યાં વહેંચવા વાટવામાં અને જમણુ વધી પડવાથી જેમ તેમ ફેંદાવી નાંખવામાં ઘણું ઘી કમજરે જાય છે. પણ તે વખતેતો ફુલણુજી બની તેને બીલકુલ લેખવતો નથી—ખેડુતવર્ગમાંની મુખ્ય અને મોટી સંખ્યાવાળી જે પાટીદારો કહેવાય છે, અને તેમાંના પણ લેઉવા પાટીદારોએતો આ ટાણુાનાં ભારે ખરચ કરી લેઉવા પાદશાહનું ઉપનામ મેળવ્યું છે.

બીજુ આડ ખરચ—ખાનદાન અને કુળવાન કુટુંબના ગણુાતા ચરોતરના પાટીદારો, સુરત જીલ્લાના અનાવલા દેશાઇઓ, ભાલ વગેરેના ગરાશીઆઓ અને મેહવાશી ગામોના કોળી ઠાકોરો પોતપોતામાં કન્યાઓ પરણુાવતી વખતે અને તેમનાથી ફક્ત કુળમાં ઉતરતા પણુ તેજ ન્યાતીના કુ-

ણબીઓ, ભાટેલા અને રજપુતો અને કોળીપટેલીઆઓ ઉપર જણાવેલા કુળવાનોને પોતાના બેહેન દીકરીઓ પરણાવતી વખતે, અને વળાવતી વખતે આપવી પડતી પેહેરામણી, પુરત વાંરડો, ડાયરો વગેરે અને બીજા અખાઓ અને આવેલી જાન, ખાંડા વગેરેને જમાડવા તથા ભાટ ચારણોને તાગ આપવા પાછળથી પણ ઉંપર મુજબ ગજા ઉપરાંતજ અને હજારો નીરકમથી ખરચ કરી દેવાદાર બને છે. અને એટલું છતાં પણ તે બીચારી બેહેન દીકરીઓને સાસરીમાં સુખને બદલે દુઃખના દરીઆમાંજ ડુબવા જેવું સેંકડે ૯૦ કેસમાં તો બને છે. આ જાતના કેવળ ખોટી આબરૂ રાખવા પાછળ અતીશય ખરચ કરવું પડતું હોવાથી ચરોતર અને કાઠીઆવાડમાં "દુધપીતી" જેવાં બાળકી હત્યાના અઘોર પાપના ગુન્હા કરવાની જરૂર પડતી હતી અને તે અટકાવવા હજુ પણ સરકારને ઘણો જાપતો રાખવો પડેછે.

ત્રીજુ આડ ખરચ—ઉપર મુજબ કણબી, અનાવલા, રજપુતો અને કોળી વગેરે ખેડુત વર્ગની ગ્નાતીઓમાંના જેઓ અકુળવાન ગણાય છે, તેઓ પોતાની બેહેન દીકરીઓને ઉંચ કુળમાં પરણાવવા પાછળ ખરચ કરે છે, છતાં તેમના પોતાના દીકરાઓને માટે તો કન્યાઓ મળવી ઘણી મુસ્કેલભાત થઇ પડી છે. અને તે મેળવવા પાછળ પણ સેંકડો રૂપીઆ એટલે કન્યાના પોતાના વજન કરતાં પણ બમણો ત્રમણો તોલ થાય તેટલી રકમ કન્યાના માબાપોને ખાવા આપવી પડે છે. અને બાંડીઓ સાપ બે તરફથી કુટાય તેમ તેમની હાલત થઇ પડવાથી પણ દેવાદાર થઇ પડવાનું કારણ બને છે.

ઉપર મુજબના આડ ખરચની સાથે વળી એક બીજી

ઘણીજ નુકશાનકારક રૂઢી, ખેતીની જમીનની ભાઇઓભાઇએ સરખી વેહેંચણ કરી લેવાની છે. આ રૂઢીથી ભાગના ભાગ અને તેના ભાગ પડવાથી ઘણા ભાગના તાલુકદાર, ગરાશીઆ, જમીનદાર, વતનદાર અને મોટા વીસ્તારવાળી જમીન ધરાવતા ખેડુતોના વંશજોના હાથમાં હાલ એક એક ખેતરની જમીન પણ મુસ્કેલાઇથી રહી હશે. નામદાર સરકાર તો હજુ પણ બાપને ઠેકાણે મોટા દીકરાનુંજ નામ પોતાના દફતરમાં તો ચઢાવે છે; પરંતુ ભાઇઓ ભાગ પાડવાની ખરાબ રૂઢીથી મોટા ભાઇને નાના ભાઇઓને સરખે ભાગે જમીનના ભાગ પાડી આપ્યા શીવાય છુટકો થતો નથી. હવે આ કારણથી ખેતીની જમીન તો પેઢી દર પેઢી કમતી થતી જાય. પરંતુ ઉપર મુજબનાં આડ ખરચ કરવામાં તો પોતાના ચાર પાંચ પેઢી ઉપરના બાપ દાદાએ કરેલાં ખરચ જેટલુંજ કરે છે. તે વખતે તો તે એમ બોલે છે કે શું આ વખતે પાછી પાની કાઢીને મારા ઘરડાઓએ આવે ટાણે કરેલા હજારો રૂપીઆના ખરચ ઉપર પાણી ફેરવું, પૈસો તો આજ નથી તો કોઇ વખતે હું કે મારા છોકરા મેળવી શકશે. પરંતુ ગએલી આબરૂ (ખોટીજ) પાછી મળી શકે નહી.

ત્રીજુ—કેહેવતમાંતો "ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર અને કનીષ્ટ નોકરી" છે. પરંતુ હાલના ખેડુત વર્ગમાંના ઉપર મુજબનાં આડ ખરચ કરીને જેઓ પોતાને કુળવાન અને ખાનદાન કુટુંબના ગણાતાનો ફાંકો રાખે છે, તેઓતો હવે હાથે ખેતી કરવામાં શરમ ભરેલું અને હલકુ સમજે છે. અને સાથી એટલે નોકરો રાખી તેમની પોતાની જમીનમાં ખેતી કરાવે છે. અને પોતે ડેલી કે ચોરામાં કે ગામના મંદીરમાં જઈ તેમના જેવા બીજાઓની સાથે હુકા ચલમ તડકાવી, અ-

ગર કસુંબા પાણી પીઇ, ખાર ભંજણાં ખાઇ રાવણાંની રીતે મોજમઝા કરે છે. અને ગામ ગપાટાં અગર ધડ પુછડા વગરની વાતો કરી અને કેટલીક વખત લાંબો સોડો તાણી સુઇ રહી દીવસ ગાળે છે. વળી ખેડુતના ઉપનામથી બોલાવતાં તેમને શરમ કે ગુસ્સો લાગે છે; તેઓમાંના કેટલાકેતો પોતાની જમીન સાંથે કે ભાગે વાવેતર કરવા બીજા ખેડુતોને આપી દીધેલી હોય છે. કેટલાક પાટીદારો અને અનાવલા દેસાઇઓએ, પોતાની પાસે બહોળી જમીન છતાં પણ પોતાના દીકરાઓને કેળવણી અપાવી ભારે હલકા દરજાની નોકરીએ વળગાડી દેવામાં વધારે આબરૂ માની લીધી છે. અને એક સાધારણ પંક્તીના ખેડુતનો દીકરો પણ કેળવણી લેઇ પબ્લીક સરવીસ કે ટ્રેનીંગ કોલેજમાં દાખલ થવાની પરીક્ષા પાસ કરી તલાટી કે હલકા પગારના મેહેતાજીની નોકરી મેળવવાને ઘણોજ પ્રયત્ન કરશે—ટુંકામાં પોતાના અસલ ખેતીના ધંધાને હલકો સમજી તે ઉપર પુરતું લક્ષ નહીં આપવાથી અને ઉપજ કરતાં ઘર ખરચ વધારી દીધાથી પણ કેટલેક અંશે તેઓ હાલની દુરબળદશાને પાત્ર થયા છે.

આ શીવાય બીજાં પણ કેટલાંક કારણો ખેડુતોના પોતાના માથા ઉપરના દોશને લગતાં છે. પરંતુ તે લંબાણ થઇ જવાના ભયથી દરશાવી શકાયાં નથી.

બીજું કારણ—ખેડુતોને ધીરધાર કરનારા સાહુકારો છે. તેઓ ખેડુતોને ઉપર મુજબનાં આડ ખરચ કરવામાં તેમજ ખેતીવાડીને લગતા બીજા ખરચને માટે નાણાંની રકમો ધીરે છે તે વખતે તેઓ ખેડુતોની ગરજ તેમજ અભણ અને અજ્ઞાનતાનો લાભ લેઇ વ્યાજનો ભારે દર તેમની પાસેથી કબુલ કરાવે છે, તથા વટાવ, કોથળી છોડામણ વગેરે નામથી

કેટલીક રકમ અગાઉથીજ કાપી રાખે છે. એટલે સોની રક મને બદલે ૮૦, ૯૦, કે ૯૫ જ રોકડાતો આપે છે. અને વ્યાજનો દર પાંચ, સાત કે આઠ ટકાનો નહીં પણ સાધારણ રીતે દશથી બાર ટકાનો, અને કાળી ભીલ જેવાઓની પાસેથી તો દર રૂપીએ દર માસે એક પૈસો કે બે પૈસા અને દશ વીસ પચીશ જેવી નાની રકમો માટેતો ચાર પૈસા સુધીનું વ્યાજ માગે છે. જે લગભગ વીશથી ચાળીસ અને એંશી ટકા મુજબ થાય છે. વળી સાનમાં દાગીના રાખે છે અગર ખેતર, ફળાઉ ઝાડ કે ઘર લખાવી લે છે, તથા બીજી સખત સરતોનાં ખત પત્રો લખાવી લે છે તે તો જુદુ. પરંતુ તે કશાને તે ગરજુ ખેડુત લક્ષમાં તે વખતે લેતોજ નથી. અને ઉપર જણાવેલાં આડ ખરચ કરવાને ટાણેતો શાહુકાર કયારે ખોળામાં રૂપીઆ નાંખે કે ઝટ ઘેર જાઉં એ ટલોજ વીચાર રાખે છે; આવી રીતે એકવાર તે શાહુકારના દેવા તળે આવ્યો કે પછી કરોળીયાની જાળમાં માખી સપડા યને છુટવા પામે નહીં તેમ તે શાહુકારની જાળમાંથી છુટ વા પામતોજ નથી, શાહુકાર પણ તેની સ્થાવર અને જંગ મ મીલકત પર નજર રાખતો રહી, દરેક હીસાબ કરતી વ ખતે વ્યાજની રકમ ચઢાવી લેઇ નવું ખત કરાવી લેવા સા રૂ થોડીક રકમ નવી ધીરી લલચાવે છે. અને ખેડુત આંધ ળાની માફક તે નવા ખત ઉપર પણ મતાની સહી સાક્ષી અને રજીષ્ટ્રેશનથી પાકુ કરી આપે છે. પછી વ્યાજનું વ્યાજ અને તેનું વ્યાજ ચઢાવતાં જ્યારે લેણી રકમ સાન માં લખી લીધેલી સ્થાવર જંગમ મીલકત ( ખેતર, કુવો, ઝાડ, ઘર, ઢોર, દાગીના વગેર )ની કીમતની લગભગ થવા આવે છે, ત્યારે ઉઘરાણી અને તગાદો કરવા માંડે છે. દરમી યાનના વરસોમાં ખેડુતે પોતાનું દેવું વાળવા, રોકડ–દાણા ચાર

પુજો કે ઘી વીગેરે આગેલું હોય છે. તે તો મોટી આગમાં ઘડાથી છાંટેલું પાણી તણાઇ જાય તેમ તણાઇ જાય છે. ય ણીતે ખેડુત અભણ અને સામો દાખલો શખેલો નહીં હોવાથી કેટલાક લુચ્ચા શાહુકારો જમા પણ કરતા નથી. અને હીસા બ કરતી વખતે પણ સોળપંચાંછાશી અને બે મુકયા છુ ટનાની માફક ગણી તેને છેતરીને રાજી રાખવા જેવું કરે છે. આ શાહુકારોની પાસે ખેડુતો પાસેના લેણા બદલ દાણા પણ આવેલા હોય છે. તે તેઓ સંઘરી રાખી, ચોમાસુ બેસતાં જયારે ખેડુત અને તેનાં ઘરનાં માણસોને ખેતીના ધંધામાં રોકાવું પડવાથી બીજી મજુરી ધધો થઇ શકતો નથી, અને ખાવાનું તો ખુટેલું હોય છે તેવી વખતે તેમને ખાવા સારૂ અને વાવવાના બીજ સારૂ શાહુકાર તેમને સવાઇ દોઢાઇની રીતે આપવાનો ધંધો કરે છે, અને તેમાં પણ તે તેની અ જ્ઞાનતા અને ગરજનો લાભ લેવાને ચુકતો નથી. આપતી વખતે જાણે મોંઘો ભાવ હોવાથી રૂ ૧ )નું અડધોમણ આ પે છે અને તેનો સવા કે દોઢ રૂપીઓ રોકડો લેવાનો ઠરાવી પાકની મોશમમાં સોંઘો ભાવ થવાથી રૂ ૧ ) નો એક મણ નો ભાવ હોય તો તે મુજબ ગણીશવા કે દોઢમણ તોળી લે છે. મતલબ કે પાંચ કે છ માસની મુદતમાં આપેલા અડધામ ણને બદલે સવા કે દોઢમણ લે છે. આવી બીજી ઘણી રીતે આ શાહુકારો ખેડુતોને ઠગે છે અને છેતરે છે. પણ તેઓની આંખતો દેવાનું વસુલ નહી ભરાયાથી જો કોરટનાં હુકમના માં થઇ ઘર આગળ જપતી કરવા કોરટનો બેલીફ કે કારકુન આવે છે ત્યારેજ ઉઘડે છે, કે હાય હાય આ શાહુકારેતો સ ત્યા નાશ વાળ્યુંને. આ વખતે પણ આ લેણદાર શાહુકાર દાવ પેચ રમવાને ચુકતો નથી. ગામડાઓમાંના ખેડુતોમાં વીશેશ સંપ અને ખાનગી બંદોબસ્ત હોવાથી કોઇ કોઇની મીલક

તની અને વીસેશે કરીને ખેતરની કે ઘરની હરરાજીમાં કોઇ પણ માગણી કરતુંજ નથી. ત્યારે આ શાહુકાર પોતાના કોઇ સગા વહાલા કે ગુમાસ્તાની મારફત માગણી કરાવે છે. અને તેમ કરવાથી સો રૂપીયાની મતા પચીસ, પચાસમાં લેઇ લે છે, તેથી લેણા પુરતી રકમ વસુલ ન થતાં બાકી રહેલી રકમ વસુલ કરવા સારૂ તેને કેદમાં બેસારવા કે સારેનરસે ટાણે ટાણે ઓચીંતી જપતીઓ લાવવારૂપી હુકમનામાની લટકતી તરવાર તેને માથે ઝઝુમતીજ રાખે છે. આ કારણથી કેટલાક સ્વભાવના ગરીબ અને બીકણ ખેડુતો તો પોતાની જમીન ઘર વગેરે સરવસ શાહુકારને સોંપી દઇ પરાગંદા થઇ જાય છે, એટલે બીજે દુરને ગામ જતા રહે છે. અને જેઓ આ ઠીયા કે લાંઠીયા હોય છે, તેમને તેમનાં ખેતર સાંથ કે ભાગ ઠરાવીને અને ઘરનું ભાડુ ઠરાવી ગણુવટ તથા ભાડા ચીઠી લખાવી લેઇને તેમનાજ કબજામાં રહેવા દે છે. આવી રીતે તેઓ થોડાં વરસમાં હજારોની પુંજીવાળા, અને સેંકડો વીઘા ખેતીની જમીનના અને લગભગ અડધી પોણી સંખ્યાનાં રહેવાનાં ઘરોના માલીક થઇ પડે છે. ટુંકામાં શેંકડે ૫૦ થી ૭૫ ખેડુતો દેવાદાર તરીકે આ શાહુકારોની મરજીને આધારેજ ખેતી કરનારાની હાલતે હાલમાં પહોચી ગયા છે. આવી સ્થીતીના કરજદાર અને ગરીબ દુરબળ ખેડુતોની તરફથી થતી ખેતીવાડાની હાલત બગડે તેમાં કશી નવાઇ જેવું છેજ નહીં.

૩ ત્રીજુ કારણ—કાળ એટલે સમયનું છે. હાલમાં ચાલતા કાળને કળીકાળ કહે છે; અંગ્રેજીમાં તેને " આયરન એજ " એટલે લોઢાનો કાળ કહે છે; તેને ઘણોજ અધમ કાળ ગણેલો છે, અને અગાઉ થઇ ગએલા શાસ્ત્ર કરતાઓ તથા રૂષી મુનીઓ, બીજા ભવિષ્યવેત્તાઓએ આ કાળમાં

નીપજનારાં ઘણાંક નઠારાં કાર્યોમાં " લોકોની થનારી ધર્મ અને નીતી સંબંધીની અધમતા અને જમીનમાંથી રસકસ નું જતું રહેવાપણું પણ જણાવેલું છે. વળી દમડે ઊંટ વેચાશે પણ દમડી હાથમાં નહી રહે અને જેના ઘરમાં ધાતુ પાત્ર ( તાંબા પીતળનાં વાસણ ) રહેશે તે પૈસાદારમાં ગણાશે એવી નીરધનતાની હાલતે લોકો પહોચશે " એમ પણ અસલથી ચાલતી આવેલી દંત કથા છે—હવે તપાસ કરતાં એવી સ્થીતી થએલી તો હજુ માલમ પડતી નથી, તેમ કળ યુગ પુરો થવાને પણ હજુ ઘણાં વરસો બાકી છે. છતાં પણ હાલની ચાલતી સ્થીતી જોતાં ચાર છ આની પણ તે ભવીષ્યવાણી ખરી પડેલી અને આમને આમ ચાલે તો તેમાં ઘટવાને બદલે વધારે બગાડો થવાનો સંભવ રહે છે.

હવે બધી વસ્તી અને ધંધાની બાબતને નહીં લેતાં હાથ ધરેલી ખેડુત અને ખેતીની બાબતમાંજ વીચાર કરીએ તો ધર્મ તે શું અને પરમેશ્વર તે શું અને તેની ભક્તી કરવાની જરૂર છે; એ વીશે કદી પણ વીચાર કરતા ભાગ્યે સેંકડે દશ અને તેની ભક્તી કરનારા તો સેંકડે પાંચ પણ નહી માલમ પડે. અને નીતીની બાબતમાં તો જ્યાં ત્યાં અને જેના તેનામાં જાુઠ, ચોરી, વીશ્વાસઘાત અને અપ્રમાણીકપણાએ વાસ કરેલો માલમ પડે છે. જમીનમાં અગાઉ જ્યારે વીઘે ૫૦–૬૦–૭૫ મણ પાકતું ત્યારે આજે ૫–૧૦–૨૫ ૩૦ મણે આવી પહોચ્યું છે અને મીઠાશમાં પણ ઉતરી ગયું છે—અને ગરીબાઇની બાબતમાં તો પાછળ પુરતો ચીતાર આપ્યો છે તેથી ફરીથી વીવેચન કરવાની જરૂર નથી. તોપણ એટલું તો જણાવાની જરૂર છે કે સઘળો દોશકાળને માથે ઓરાડી છતી આંખે ચાંધળા બનવાનું નથી. તેઓએ કેટલીક રીતે જાણી બુઝીનેજ પોતાના પગ ઉપર કો

વાડો મારેલો છે, મુખ્યત્વે કરીને ચોરી અને અપ્રમાણીકપણું, ચલાવી, ખેતીવાડીને સુધારવાની હોંસ ધરાવતા કેટલાક તેમને નોકર રાખનાર કે ભાગે ખેતી કરાવનાર સુધ બુદ્ધીવાળાને તેમણે પણ નુકશાનમાં નાંખ્યા છે.

૪ ચોથુ કારણ—સરકારના વહીવટી અમલદારોની ભરતી એટલે નીમણુકો કરવાની કઢંગી રીતથી ઉત્પન્ન થયું છે, એટલે કેટલીક મુદતથી પુખ્ત ઉમરના અને અનુભવી તથા ઠરેલ અધીકારીઓની સંખ્યા ઘણીજ કમતી થઇ જઇ, કે વળ મુછ પણ નહી ફુટેલી એવા જવાનીઆ અને છોકરમત ખવાસના અને ટુંક મીજાસવાળા અધીકારીઓ છેક ટલાટીથી તે આસીસ્ટંટે અને ડેપ્યુટી કલેકટરોના હોદ્દા ઉપર ચઢી ગએલા ઘણે ભાગે જોવામાં આવે છે તે છે. આનુ કારણુ જે તે હોદ્દાની લાયકાતને માટે પ્રથમ સીનીઓરીટી અને અનુભવની કસોટી જોવાતી તેને બદલે કેટલીક મુદતથી કેવળ પરીક્ષા પાસ કર્યાનુંજ ધોરણુ દાખલ થવાથી બનેલું છે. અને તેથી ભણ્યા પણુ ગણ્યા નહી એ કહેવત મુજબ થવાથી તેમને હરેક સેહેજ બાબતમાં પણુ કાયદા અને રૂલોની ચોપડીઓમાં શોધા શોધ કરવાની જરૂર પડે છે. અને તેનો અર્થ પોતાને સમજાય તેવો કરી તે પ્રમાણે તેનો અમલ રૈયત ઉપર બજાવે છે, અને તેવાઓના હાથમાં પાછો માજીસ્ટ્રેટનો પાવર હોય એટલે તો બાકી શી. અંગ્રેજી રાજયનીતીનો ઘણોજ કીમતી કાનુન "જસ્ટીસ ઉવીથ મરસી" નો છે તે તો ભુલી જઇ કેવળ એકલા જસ્ટીસ થવા જાય છે. કાયદા કે રૂલમાં કોઇ બાબતમાં રૂ ૧૦૦ સુધીની રકમ લેવાને ઠરાવેલું હોય તો તે ઉપરથી સોની રકમથી ઓછું લેવું જ ન જોઇએ એમ કેટલાક તો સમજે છે. પરંતુ પુખ્ત ઉમરનો અને અનુભવી હોય તો યોગતા મુજબ પાંચ પણુ લેઇ શકાય એમ સમજી શકે. વળી હાલમાં ઘણાક આવા

અધીકારીઓના સમજવામાં આવી ગયું છે કે જો સરકારની ઉપજમાંથી કાંઇ ખાઇ જઇશું અથવા ઓછુ ઉપજાવીશું કે ઓછું વસુલ કરીશું તો ઠપકાને પાત્ર થઇશું; પરંતુ વધારે ઉપજ આવશે તો સાબાશીને પાત્ર થઇશું, અને કદાપી અપીલમાં ઉપરી અધીકારીની નજરમાં તે ભારે કે વધારે જણાશે તો તેટલી રકમ પાછી રીફંડ આપવાનો હુકમ કરશે, પરંતું ઠપકો તો નહીજ મળે, એમ સમજી હરરાજીઓ વગેરે ઉપજના કામમાં વધારે ઉપજ આવેલી જોઇ ખુશી થાય છે. પણ એમ સમજવામાં નથી આવતું કે એ પૈસા બીચારા ગરીબ અને સરકારની નીમક હલાલ રૈયત ખેડુતોના પાસેથી નીકળી તેમને વધારે ગરીબ અને નીરધન બનાવશે—વળી તેઓ ખેડુતો અને તાબાના નોકરો ઉપર ખુબ રોફ બતાવા જાય છે; પરંતુ પોતાના ઉપરીઓનાથી તો ઘણાજ બીહીતા રહે છે; તેથી તેઓ પોતાના વહીવટના ગામ કે તાલુકાને લગતી કાળી બાજુ તો બતાવવાની હીમત ધરી શકતા નથી. પણ ઉજળી બાજુ બતાવવાને વધારે ખંતી રહે છે. તેથી ઘણી વખતે ખેડુતોને યોગ્ય રીતે મળવા સરખી વસુલની માફી, કે છુટ કે મેહેતલ અપાવવાની તેઓ હીમત ધરતા નથી. એટલુંજ નહી પણ કલેકટર સાહેબ કે કમીશનર સાહેબ સુધી દાદ મેળવવા જાય છે. ત્યારેજ તેમને તે લાભ મળે છે. અને તે વખતે પણ પોતાનું કરેલું ન ફરે તેને માટે બનતું લખાણ કરે છે. વળી મહેસુલ બાકી વસુલ કરવાને સાધારણ નીયમ મુજબ સરકાર કે ઉપરી ઓફીસથી જો લગાર પણ તાકીદ કે ઠપકાનો હુકમ આવે છે તો તાલુકાના અધીકારીઓનાં પોતીઆં પાટલુનજ ઢીલાં થઇ જાય છે. અને તેઓ પછી કચેરીના તજવીજદાર કારકુનો અને તલાટીઓ ઉપર પડે છે, તેથી તે બીચારાઓને વસુલાતના કામમાં કોઇ કોઇ વખતે

કાગ્રુ વેતર્યા વગર છુટકો રહેતો નથી. પણ ખરૂં કારણ હોય તો એ પણ તેવો રીપોર્ટ કરવાની હીમત ચાલતી નથી. જોવામાં તો થોડું પણ સાંભળવામાં ઘણી વખત આવેલું છે કે આગળ કમીશનર સાહેબ અને કલેકટર સાહેબોની પાસે જુના અનુભવી એટલે કેટલાકતો છેક તલાટીની કે હલકા પગારની કારકુનની નોકરીથી ચઢેલા દફતરદારો અને આશીસ્ટંટ કલેકટર સાહેબની પાસે તેવાજ સીરસ્તેદારો હતા કે તેઓ જરૂર પડયે તે બડા સાહેબોને પણ કહી શકતા કે " આમ કરવું વ્યાજબી નથી અગર આમ કરવાથી રૈયત પર સખતાઇ ગુજરશે " પણ હાલ તો તેવે ઠેકાણે પણ ઉપર મુજબની હીમત ધરાવતા પણ લોવર અને હાયરસ્ટેન્ડર્ડની પરીક્ષા પાસ કરેલા મુંછ ફુટતા જવાનીઓ નીમાવાથી યસ સર એટલે હાજી હા શીવાય કાંઇ પણ કહી શકતા નથી, તેમને તો વર મરો કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો તે કહેવત મુજબ ઉપરી સાહેબની મહેરબાની મેળવવા ચટક મટક આમ તેમ દોડાદોડ કરી ગમે તેમ પણ કાગળોનો નીકાલ કરી પોતાને ઝટ પ્રોમોશન કે ચઢતો દરજ્જો મળે તેજ મતલબ હોય છે. અગાઉ ત્રીશથી સાઠ વર્ષની ઉમરના તલાટીઓ અને તેટલીજ ઉમરના તાલુકા અને હજુર કચેરીમાં કારકુનો અને પચાસ વર્ષની ઉમર ઉપરાતનાજ અવલ કારકુનો અને સીરસ્તેદારો અને ધોળી મુંછ દાઢીવાળા મામલતદારો અને ડેપ્યુટી કલેકટરો જોવામાં આવતા, અને તેઓને સરકારી કામકાજ તેમ રૈયતની રીતભાત અને સ્થીતીનો પુરતો અને પાકો અનુભવ હોવાથી મેહસુલખાતાનું કામ ઘણું સુલભ રીતે ચાલતુ અને સરકાર અને રૈયત ખેડુત બધાને અનુકુળ થઇ પડતું હતું. પરંતુ હાલમાં તો " હાક સુલેમાન ખાતુ ઝડપથી ગાંડા" ના જેવો મામલો થઇ પડયો છે. અગાઉ

કચેરીમાં આવનાર ખેડુત વર્ગમાંના ઇનામદારો, જમીનદારો, દેસાઇ, મજમુંદાર પટેલો વગરેનો યોગ્ય મોભો જળવાતો, આ જતો, ચસમાં પાટલુન અને બુટ સ્ટાંકીંગ પેહરેલા રાવસાહેબ કે બહાદુર અને ખાન સાહેબ કે બહાદુર જે ખુરશી ટેબલ પર બીરાજેલા હોય તેઓતો સામી સલામ પણ બીચારાની ઝીલે તો ભાગ્ય. આથી વૃદ્ધ ઉમરના અને માન મરતબાની કીમત સમજનારા તો નજ ચાલે કચેરીઓમાં જવાને ઇચ્છે છે.

ટુંકામાં મારૂં કેહવું એવું નથી કે હાલના અધીકારીઓ સરકારી કામકાજ અગાઉના જેવું નથી કરતાં કે બીજી બાબ તોમાં ઉતરતા છે. પરંતુ ખામી એટલીજ છે કે તેઓમાં ઉ પરી અધીકારીઓના કાન ઉપર ખરી હકીકત લાવવાની હીંમત હોતી નથી. અને તેથી નામદાર સરકારની દયાળુ અને રહેમદીલી ભરેલી રાજ્યનીતીનો લાભ ખેડુત જેવા મુ ગા પ્રાણીઓને જોઇએ તેવો મળી શકતો નથી. એટલુંજ ન હી પણ ખેડુતોને મદદ કરવાને વાસ્તે જે નાણાની મોટી ર કમો ખરચે છે, તેનો તેમને જોઇએ તેટલો અને તેવો લા ભ ન મળતાં કેટલોક ભાગ કમજરે જાય છે. વીઘોટીનો દર ભારે છે, અને તે કારણથી ખેડુતોની દશા ગરીબ થઇ ગઇ છે એ કહેવું તો ખરૂં નથી. પરંતુ તે વસુલ કરવાની પદ્ધતી અને નઠારી મોસમમાં છુટ મુકવા તથા વસુલ કરવાનું મુલતવી રાખવા બાબતના અગાઉના તેમ હાલમાં જે નામદાર સરકાર ત- રફથી હુકમો અને રેઝોલ્યુશનો બહાર પડયા છે તેનો તાબાના અ ધીકારીઓ અને તેમાં વીશેશે કરી નીચલા દરજાના અધી કારીઓ ઉલંઘન ન કરે તે માટે તેમના ઉપર લગાર વધારે જવાબદારી નાંખવાની જરૂર છે ખરી. ઉપર મુજબનાં ચારે મુખ્ય કારણો ખેડુતોની દુરદશા થવાનાં ગણી શકાય. પરંતુ તે કારણો દુર કરવાને માટે તેમણે દરેક જણે અને વીશેશ

તામાં સર્વેના આધારભુત નામદાર સરકારે શું શું તજવીજો
અને ઉપાય કરવા જોઇએ તેનો હવે વીચાર કરીએ.

પ્રથમ કારણુ ખેડુતો પોતેજ છે, તેમણે પાછળ જણાવે-
લાં આડ ખરચ સમયવરને સાવધાનના શાસ્રોક્ત વચન મુ-
જબ હાલનો વખત વીચારી બંધ કરવાં કે સુધારો કરવો
જોઇએ. હાલમાં આ બાબતની હીલચાલ કેટલેક ઠેકાણેથી
થવા માંડી છે. પરંતુ જ્યાં સુધી જુના વીચારના ધપડીઆની
આડખેલ છે, ત્યાં સુધી તે કામ પુરેપુરૂ પાર પાડવું મુશ્કેલ છે.
તો પણુ કેળવણીનો પ્રસાર તેમનામાં થતો જશે તેમ તેમ કે
ટલેક દરજે સુધારો થતો જશે—દીલગીરીની વાત છે કે બીજા
ઓના કરતાં ખેડુત વર્ગની જાતો કેળવણીની બાબતમાં હજુ ઘ
ણી પાછળ છે. માટે હાલમાં તેમનામાંના પાટીદાર અને અનાવલા
વગેરે જાતોમાં જેઓ સારી કેળવણી પામેલાઓ અને સારા અને
મોટા હોદાઓપર ચઢેલા છે; તેમણે પોતેજ હીમંત ધરી પોતા
તેજ ઘેરથી એ આડ ખરચનો ચાલ બંધ કરી બીજાઓને દા
ખલો આપવો જોઇએ, નહીતો ગરીબોતો કદી પણુ પોતા-
ને ગરીબ કહેવડનારજ નથી.—વળી લગન સંબંધીના ભારે ખ
રચનું તો તેઓ પોતેજ કારણુ છે, તેઓને પોતાના છોકરાના
સાસરા તરફથી મળતી મોટી પેહરામણી વગેરેની રકમ ખોવી
પડતાનું પાલવતું નહી હોવાથીજ તેઓ સમજવામાં વાત છ
તાં પણુ ગાડુ ગબડવા દે છે. પણુ હવે તો તેઓ નહી સમ
જે તો વાર્યું નહી કરતાં હાર્યું કરવાનો વખત આવશે.—

ઘણું કરીને તો ખેડુત વર્ગમાંની એકાદ બે શીવાય બધી
નાતોમાં નાતરાં એટલે પુનર વીવાહનો ચાલ ચાલે છે. પરંતુ
તેઓમાંના કેટલાક વાણીઆ બ્રાહ્મણોનો ચાલ ચલાવેથી પો-
તે વધારે ઉંચા અને આબરૂદારમાં ખપશે એમ સમજી
તેમની ગાંડેલી બહેન દીકરીઓ કે વહુઓનો ભવ રંડાપામાંજ

બળાવવાનું પસંદ કરે છે. આથી તે બીચારીઓનો જનમારો એળે જાય છે, અગર અનીતીએ ચાલી ગર્ભ હત્યા બાળ હ-ત્યાનાં અઘોર પાપ કરે છે, અને વળી નાતમાં કન્યાઓની અ-છત થઇ પાછળ જણાવ્યા મુજબ કન્યા વીક્રયના આડ ખ-ર્ચને ઉત્તેજન મળે છે. માટે જ્યારે તેમની નાતમાં નાતરાં કરવાનો ચાલ છે, અને બીજા ઘણા ખરાઓ કરે કરાવે છે, ત્યારે આ વાણીઆ બ્રાહ્મણની પંગતીમાં ગણાવાની ખોટી આબરૂ ધરાવનારાઓએ વગર કારણે આ ચાલતા રસ્તામાં આડ ખાલવી ન જોઇએ. પુનર વીવાહનો ચાલ નહી હોવાથી, વાણીયા બ્રાહ્મણ શું તેમના કરતાં વધારે સુખી કે આબાદ થઇ ગયા છે કે તેમની નકલ કરવાને ચાહાય છે તે સમ-જાતું નથી.

બીજી બાબત—વીલાયત અને યુરોપ અમેરિકાના બીજા દેશોમાંતો ગ્રહસ્થો અને વ્યાપારીઓ પણ પોતાની પુંજી બ-ધા છોકરાઓને સરખે ભાગે વહેંચી આપતા નથી. તેથી ત્યાંની વસ્તીમાં ધનવાનોની સંખ્યા વધારે હોય છે. અને મોટી મોટી થાપણો રોકી ભારે નફાના રોજગારો કરી શકે છે, તેનું એ પણ એક મૂખ્ય કારણ છે. આપણે અહીં તે મુજબ દાખલ થવું તો મુસ્કેલ છે, પરંતુ—મોટા રજવાડાના રાજાઓ, નવાબો અને ઠાકોરો પોતાના મુલકના ગામોની ભાઇઓ ભાગે વેહેંચણ કરતા નથી, જે વડીલ હોય તેજ ગાદીએ બેસે છે અને તેનાજ હાથમાં રાજ્યનો બધો મુલક રહે છે; બીજા ભા-ઇઓ હક કે આશા ધરાવતાજ નથી. તેજ મુજબ જંગમ મીલકતમાં કદાપી ન કરે તોપણ ખેતીની જમીનમાંતો અવ-સ્ય થવુંજ જોઇએ, એટલે તેનીતો ભાઇઓ ભાગે સરખી વહેંચણ થવીજ ન જોઇએ; અને અંતે તેમાંજ તેમને લાભ છે. નાના તાલુકદારો અને ગરાશીઆઓની આ રીવાજથી કે

ટલી બધી સંખ્યા કમી થઇ ગઇ છે, અગર રહ્યા છે તેઓ કેટલી જુજ જમીન કબજે ધરાવે છે, તે વાતથી થોડાજ ખેડુતો અજાણ હશે—આજ રીવાજથીજ અસલી આબરૂદાર જમીનદાર વર્ગ નાબુદ થઇ ગયો છે એમ કહીએતો ચાલે.

ત્રીજી બાબત—હાલમાં ખેડુતોની દુરદશા થઇ જવાથી, ઉત્તમ ખેતીની કહેવત ખોટી પડવાની નથી, સોનુને સોનુજ રહેવાનું અને કથીર તે કથીરજ રહેવાની. માટે ખેડુતવર્ગની જાતોને મારે ખાસ કરીને ભલામણ કરવાની કે તમારા છોકરાઓને તમે પુરતી અને ઉંચી કેળવણી લેવા દો, પણ તેઓ પછીથી પોતાનો ખેતીનોજ ધંધો હાથમાં રાખે એમ કરો; દીવાન, કારભારી કે બારીસ્ટર, ડોકટરના હોદા કે ઉપનામ ધરાવવા કરતાં; જમીનદાર વજીફદાર કે પાટીદાર કે પટેલનું ઉપનામજ તમને તો વધારે બધ બેસતુ આવશે અને શોભશે. બીજાં ઉપનામતો તમારા નામની સાથે નાશ પામશે. પણ આતો છોકરાના છોકરા પણ ધરાવી શકશે—હું તો એટલે સુધી કહુંછું કે બીજી નજીવી બાબતોને સારૂ નાત બહાર મુકો છો તેના કરતાં ખેડુત વર્ગમાંનો છોકરો ખેતીવાડી શીવાયનો બીજો ધંધો કરે તેને નાત બહાર મુકો તો સારૂ; અને ઇશ્વર કૃપાથી જો પાછળ બતાવેલાં કારણો દુર થશે તો હાલ જે ખેતીનો ધંધો કસ વીનાનો થઇ ગયો છે, તે જરૂર કસવાળો થઇ પડશે. બતાવોને એક દાણાના વાવવાથી હજાર દાણા સુધી નીપજે છે તેવું બીજા કયા ધંધામાં થઇ શકે તેમ છે ?

બીજું કારણ શાહુકારો વીશે—પાછળ જણાવ્યા મુજબ આ લોકો ખેડુતોને ચુશી ચુશી ગબ્બર થઇ ગયા હતા; પરંતુ " ઘણી વખતે વહુનો વારો આવે તો કોઇવાર સાસુનો પણ આવે " તેમ ગયા છપનીઆ દુકાળના કારણથી તેમનાં પણ

ઠોબરાં બેશી ગયાં છે; તેમનું હજારો રૂપીઆનું ખેડુતો પાસેનું લેણું ડુબી ગયું છે, અને તેમની બથાવી પાડેલી જમીનોની વીઘોટીના રૂપીઆ ભરતાં ટાંટીયા પહોળા થઈ ગયા છે. માટે હવેથી નવો અવતાર ધારણ કરી સમજીને અને સમય બીચારી ચાલવું જોઇએ. ૩૦-૪૦-૫૦-૭૫ ટકાનું વ્યાજ ખાવાનો અને ગામડાના શાહુકાર મટી મોટા જમીનદાર થઇ જવાનો લોભ કાઢી નાંખવો જોઇએ; અને તેમ કરવાને સારૂ ખેડુતોને આડ ખરચ કરવા પાછળ નાણું ધીરવાને બદલે અને તે વસુલ કરવામાં તેમની ખેતીની જમીનો કબજે લેઇ લેવાને બદલે ફક્ત તેમની ખેતીવાડીનાજ કામ માટે અને ઘણામાં ઘણા ૬ થી. ૯ ટકાના વ્યાજના દરથી ધીરવા જોઇએ; અને પાછલુ ન વસુલ થઈ શકવાથી રહેલુ લેણું માંડીવાળી ખેડુતોને પોતાની કરોળીઆરૂપી જાળમાંથી છુટા કરી દેવા કે તેઓ નવેસરથી પોતાનો ધંધો નીરભયપણે કરી શકે; વળી ધીરેલી રકમનું વ્યાજ અને બની શકે તો મુદલ પણ બારોબારથી વસુલ થઇ શકે તેને માટે પોતાની તરફના વાછડા, કે પાડાં ખેડુતોને ભાગે ઉછેરવા અને સાચવવા સોંપી તેઓ બળદ અને ભેંશો થાય ત્યારે વેચીને કે ખંડી લેવાની રીત રાખવી જોઇએ, મતલબે કોઇ પણ રીતે કોરટમાં દાવા કરી વસુલ કરવાની જરૂર ન પડે તેવી તજવીજો કરવી પણ જોઇએ. વળી ખેતીની મોશમમાં ખેડુતો બીજ બેવડ કે દાડીઆ વગેરેના ખરચને માટે રકમ ધીરવાને કહે અને તે આપવાની મરજી હોયતો હાલની ચાલતી રૂઢી મુજબ સગાર રહીને આવજે, કાલે આવજે એમ ધવડાવ્યાને બદલે જેના તે વખતે આપવા જોઇએ, કેમકે વાવણીને તાવણીનો ગયો વખત આવતો નથી; એ કાંઇ તેની જાણવા બહાર નથી. વળી વાવવાને બીજ અપાવવાનું હોયતો પોતાના

ઘરમાં ગમે તેવું જુનું કે સળેલું, બઢાયલું પડયું હોય તે આપી ચલાવી નહીં લેતાં સારૂ અને તાજું આપવું કે અપાવવું જોઇએ. ટુંકામાં તમારા આકરા દરના વ્યાજ વટાવ અને બીજી રીતના અપ્રમાણીકપણાથી થતા જુલમથી ખેડુતોને છોડાવવા નામદાર સરકાર તરફથી તગાવીની રકમોથી અને ખેતીવાડીની પેઢીઓ સ્થાપી નાણું ધીરવાને પ્રયત્ન કરે છે તેની જરૂર ન પડે તેવી રીતે વર્તવું જોઇએ, કેમકે સરકાર જ્યારે તે રીતથી ફાવવાની આશા રાખી શકે છે તો તમો ફાવ્યા વગર રહેશો નહીં; અને સરકારમાં તેમજ જ્યાં ત્યાં બીજે ઠેકાણે પણ તમો અકારા થઇ પડી નીંદાવ છો, અને બદનામ થાવ છો, તે કલંક પણ દુર થશે. અને હાલ જેમ ખેડુતોની દુરદશા થઇ તમો માતેલા થાવ છો, તેને બદલે બંનેને સારો લાભ થશે.

ત્રીજુ કારણ—હાલનો કાળ એટલે સમય—આ કારણ ચોથા નંબરે ગણેલું છે, પરંતુ આ બાબતમાં વધારે લંબાણથી લખવા સરખું નહીં હોવાથી અગાઉ જણાવ્યું છે. ખરૂં જોઇએ તો જેમ ખેતીવાડીની હાલત બગડવાથી ખેડુતોની હાલત બગડી નથી, પણ ખેડુતોની હાલત બગડવાથી ખેતીવાડીની હાલત બગડી છે; તેવીજ રીતે કળીયુગના કાળને લીધે કાંઇ પાછળ વર્ણવેલાં અધમ પરીણામ નીપજ્યાં નથી પરંતુ લોકોની પોતાનીજ અધમતાની કરણીથી હાલનો કાળ બદલાય ગયો છે; કાળને સારો નરતો બનાવવો તો આપણા પોતાનાજ હાથમાં છે; શું ધરતીમાંથી ગએલો કસ તેમાં લાવવાનું કે ગએલો ધંધો રોજગાર કે પૈશા પેદા કરવાનું કાંઇ હાલ અશકય થઇ પડયું છે ? પરંતુ લોકો પોતની કસુરો અને અવગુણોને છુપાવવાને ખાતરજ કળયુગના કાળનું બહાનું બતાવે છે. લોકોની અધમતા થવાનું મુખ્ય કારણ તો દ

ફક્ત ખરા ધર્મની કેળવણીની ગેરહાજરીજ છે. અને તે કારણથી ખરો ધર્મ પલટાઇ જઇ કૃત્રીમ એટલે બનાવટી ધર્મ દાખલ થઇ ગયો છે. જેણે લોકોનું વલણ નીવૃતીના મારગ ઉપરથી પ્રવૃતીના એટલે અતી લોભ અને વૈભવ ભોગવવાના મારગ તરફ ફેરવી નાંખ્યું છે. અનેતેને માટે ધન સંપાદન કરવા જુઠ, અપ્રમાણીકપણું, ચોરી, વીશ્વાસઘાત વગેરે અવગુણો અને દુરગુણોનો ઉપયોગ કરવા લાગ્યા છે. અને તે અસર આ ખેડુત વર્ગમાં પણ પહોંચી જવાથી તેમની પણ અધમ સ્થીતી થવાનુ કારણ બન્યું છે. હજુ પણ બીજા લોકો કરતાં આ ખેડુત વર્ગના લોકોનાં અંતઃકરણ વધારે સાદાં ભલાં અને ભોળાં હોવાથી જો યોગ્ય પ્રયત્ન કરવામાં આવે તો તેઓ તો વેહલા સત ધર્મના મારગ પર ચઢી શકે તેમ છે; જો તેઓ પોતાના ધંધામાં સાફ દાનત અને પ્રમાણીકપણાથી વરતે તો બીજા બહારના લોકો પણ પોતાની થાપણ આ ઉત્તમ ધંધામાં રોકી શકે, અને ત્યારેજ ખેતીવાડીને ઉતેજન મળી તેઓ આબાદ થશે–" ધરતીએ કસ ચોરી લીધો છે; અને આગળના જેવા પુસકળ અને નીયમીત વરસાદ થતા નથી ". વગેરે બહાનાં જવા દેઇ સત ધર્મ અને સુનીતીથી વર્તી, સરકાર, શાહુકાર, અને તેગના જમીનદારને મેહેસુલ, વ્યાજ, સાંથ, કે નીપજનો ભાગ આપવામાં બદદયાનત નહીં ચલાવેતો તેઓજ તેમને દુરદશામાંથી કાઢવાને સાહાય ભુત થશે.

ચોથું કારણ—સરકારના વહીવટી અધીકારીઓની બાબતમાં–હરેક બાબતમાં સુધારો અને આબાદી કરવાને ઊંચી કેળવણી એ મુખ્ય આધાર રૂપ છે, તે વાતની તો કોઇથી ના પાડી શકાય તેમ નથી. પરંતુ તેની સાથે પુખ્ત ઉમરના વ્યવહારીક અનુભવની પણ ખાસ જરૂર છે; નહીં તો " ભણ્યા પણ ગણ્યા નહીં " એ કહેવત મુજબ થાય છે.

અને તેમાં પણ રાજ્ય કારભાર જેવા મહત્વના કામમાં તો તે ઉપર અવશ્ય ધ્યાન આપવુંજ જોઇએ. માટે દરેક ખાતા માં અને વીશેષે કરીને રેવીન્યુ ખાતામાં નોકરીમાં દાખલ કરતી વખતે કેળવણીના ગમે તેવા ઉચા ટેસ્ટની પરીક્ષા પાસ કરવાનું ધોરણ દાખલ કરવામાં આવે, તેને માટે વાંધો નથી. પરંતુ દાખલ કરવાને જોઇતી ઉમરની હદ જે વખતો વખત ઘટાડવામાં આવતી જાય છે, તેજ હાલની ફરીયાદનું મુખ્ય કારણ થઇ પડયું છે. હાલમાં પચીસ વર્ષની ઉમર થઇ ગયા પછીથી નોકરીમાં દાખલ નહીં કરવાનું ધોરણ રાખ્યું છે. તેને બદલે પચીશ વર્ષની ઉમર પછીથીજ દાખલ કરવાનું રાખવું જોઇએ; અને દાખલ થયા પછીથી પણ પ્રમોશન કે ઉંચા દરજાની જગોની લાયકાત માટે લોવર હાયર સ્ટેન્ડર્ડની ખુફીશ પરીક્ષાઓને બદલે ઓછામાં ઓછા પાંચ વર્ષ તલાટીની અને પાંચ વર્ષ કારકુનની જગોનું કામ કરી તેમાંથી કામ કાજની હુશીઆરી અને પ્રમાણીક પણામાં દીપી નીકળેલાને પ્રસંદ કરવા જોઇએ. વગસગના કારણથી ના લાયક માણસો ખોટો લાભ ન લેઇ જાય તેને માટે પરીક્ષાઓનું ધોરણ વ્યાજબી ગણાય ખરૂ પરંતુ તેમ કરવા જતાં ખરા જરૂરના જે પુખ્ત ઉમરના અનુભવ અને નીતીના આચરણની કસોટીની વાત તો ઉડી જાય છે, અને નોકરીમાં દાખલ કર્યા પછીથી લેવાની પરીક્ષાઓનું લાકડુ તો કેવળ ખલેલ રૂપજ થઇ પડયું છે, આથી તે નોકરો બીચારાથી પોતાની ડયુટીના કામમાં પુરતું લક્ષ ઘાલી શકાતું નથી, તેમ તેમના તાબામાં સોંપેલી રૈયત ( ખેડુત )ના ભલાના કામ અગર તેમનો સદભાવ મેળવવાની પણ કાળજી રહી શકતી નથી–ટુંકામાં કેળવણીના ગમે તેવા હાયરટેસ્ટની પરીક્ષામાં પાસ થએલો હોય અને લોવર હાયર, સ્ટેન્ડર્ડની કે પ્રોવીનશીઅલ સીવીલ સર્વીસની કે

બીજી ગમે તે પરીક્ષા પાસ કરી હોય તો પણ ૪૦-૫૦ વર્ષની અંદરની ઉમરના સખસો, અવલકારકુન, સીરસ્તેદાર, ચીટનીસ અને હેડ કલાર્ક તેમજ મામલતદાર, ડેપ્યુટી કલેકટરના ખાસ હોદાપરતો નજ હોવા જોઇએ. અંગ્રેજ અમલદારોની બાબતમાં પણ આવા નીયમની જરૂર છે ખરી; પણ તેમના તાબામાં અને હાથ નીચેના ઉપર ગણાવેલા અમલદારો ઉપર મુજબની ઉમર અને અનુભવની લાયકતવાળા હશે તો હાલ ચાલી શકશે; પરંતુ દેશી ભાષાના તેમના અજાણપણા રૂપી એક મોટી ખામી રહે છે; દેશી અમલદારો કરતાં તેઓ ડીસ્ટ્રીકટમાં ગામે ગામ અને શીમમાં ઘણું ફરે છે, રૈયતની દાઝ જાણવાની અને તેમની સાથે વાત ચીત કરી પોપ્યુલર થવાની તેમની ઘણી ખાએસ હોય છે, પરંતુ ગુજરાતી ભાષાની સારી માહીતગારી શીવાય તેમ બની શકતું નથી. તેમ ગામડીયા ખેડુતો પણ પોતાના સુખ દુખની વાત તેમને સમજાવી શકતા નથી. અને તેથીજ તેમની ઓફીસના અને તાલુકાના નોકરો અને ગામના તલાટીઓનાજ લખવા અને કહેવા ઉપર આધાર રાખવો પડે છે. જો કે તેઓ હોદા પર આવ્યા પછી વર્ષ છ માસમાં ગુજરાતી ભાષાની પરીક્ષામાં પાસ તો થઇ જાય છે. પરંતુ તેટલા અને તેવા ભાગ્યા તુટયા ભાશા જ્ઞાનથી કાંઇ લાભ થઇ શકતો નથી. વળી ગુજરાતી કોરસ પોન્ડસમાંતો તેઓ કેવળ સીરસ્તેદારોના મોઢેથી ભાગ્યું તુટ્યું સમજી સહીઓમાંના કેટલાક ખેંચી આપે છે—ઉપર મુજબનો કલેકટરથી ઉતરતા દરજાના અધીકારી વર્ગની નીમનુકો કરવાના ધોરણમાં ફેરફાર થયા શીવાય નામદાર સરકારની ખેડુતોનુ ભલુ અને તેમને આબાદ કરવાની સુભ ઇછાઓ પુરતી રીતે પાર પડી શકવી મુશકેલ છે.

હવે ખેડુતોની પોતાને લગતી બાબતમાં તેમનામાં કેળવણીનો વધારે પ્રસાર થવા, દીવસની અને રાતે શીક્ષણ આપવાની સ્કુલોમાં હજુ વધારો કરતાં જવું જોઇએ, અને તેમાં લેખન, વાંચન અને સાધારણ અંક ગણીતની સાથે ખેતીવાડીનું તેમજ નીતી સંબંધીનું ગ્નાન, આપવા ઉપર વધારે લક્ષ અપાય તેમ કરવું જોઇએ. વળી તેમનામાં પાછળ જણાવેલા આડખરચ કરવા વગેરેના નઠારા ચાલ પેશી ગયા છે, તે સંબંધીના નીબંધો રચાવી તથા ખેતીવાડીની વીદ્યાને લગતાં પુસ્તકો છપાવી મફત કે જુજ કીમતથી તેમનામાં છુટથી વેહેચવાં જોઇએ. પણ આડ ખરચનો ઘણોજ નુકશાનકારક ચાલ વેહેલાસર બંધ પાડવાનો ખરો અસરકારક ઇલાજ તો જેમ પેદાશ કે કમાણીની રકમ ઉપર બીજા ધંધાદારીઓ પાસેથી "ઇનકમ ટાક્સ" લેવામાં આવે છે, તેમ આ ખેડુત વર્ગ પાસેથી "આડ ખરચ ટાક્સ" નામનો કર લેવાનો કાયદો કરવો જોઈએ; કેમકે સીધી રીતે અને શીખામણથી માને એવી સ્થીતીના તેઓ છે નહીં. આ પગલુ દેખીતી રીતે તો ગેરવ્યાજબી લાગશે, અગર કેટલોક કકળાટ અને બુમાટ થશે. પરંતુ તેની સારી અસર ઝટ થવા માંડશે; અને તેમનામાંના જેઓ સુધરેલા વીચારના અને આવા ખરચથી કંટાળેલા હશે, તેઓ તો અંદર ખાનેથી રાજીજ થશે. અને તેમને તે બંધ કે કમતી કરવાની હીમત આવશે. ખાતાની જમીન બીજાને નામે કરી આપવાની બાબતપર અટકાવ નાંખવા સંબંધીના કાયદાને લગતો ફેરફાર કરવાની હાલમાં તજવીજ ચાલે છે. તેના કરતાં પણ આ "આડ ખરચ ટાક્સ" ના કાયદાની ઝટ સારી અસર થશે. વળી તે બીજી રૈયત અને તેમના ખેરખાંઓની નજરમાં

પણ ઓછો સખત અને ઓછો ગેર વ્યાજબી લાગસે. ક ન્યા વીક્રય એટલે છોડીઓને પરણાવી મોટી રકમો લેનારા ઓ ઉપર તો હાલનો ઇનકમ ટાકસ પણ લાગુ પડીશ કે, માટે તેવાઓને પણ ખોળી કાઢવાને ગામના નોકરોએ પુરતી તજવીજ કરવી જોઇએ—

ખેડુતોના ખાતાની સરકારી જમીનના ખાતેદાર, અને ઇ-નામી અને બહાર ખલી જમીન ધરાવતાં ગામો, વાંટા કે, વાડી વઝીફાના માલકી હક ધરાવનાર તરીકે સરકાર પોતા-ના દફતરમાંતો મરનાર બાપને ઠેકાણે એકલા તેના વડા દી-કરાનું નામજ દાખલ કરે છે; પરંતુ તેમાં વધારો કરી દી-વાની કોરટોમાં પણ મોટા દીકરા પાસેથી તેના નાનાભાઇ ભત્રીજાઓ દાવા કરી ભાગ ન પડાવી શકે તેમ તો થવું જ જોઇએ. અંદર ખાનેથી ખુશી ખુશાલીથી મોટોભાઇ ના નાને ભાગ વેહેચી આપે તેની વચમાં કદાપી સરકાર હાથ ન ઘાલે તેતો ઠીક, પણ કોરટ કાયદાનો ટેકોતો નજ મળવો જોઇએ. આમ થવાથી હજુ, પણ કેટલાક. તાલુકદારો, ગરાશીઆ. મે હેવાશી ઠાકોરો, અને ઇનામદારો તથા જમીનદારોનોની ઘટતી જતી સંખ્યા, અને નાબુદ થતો મોભો, વભો જળવાઇ રહે શે. અને તેમ કરવાથી નામદાર સરકારને વધારે જશ અને દેશ સુધારાના કામમાં મદત મળશે—અસલી ગરાસીઆ તરીકે ઓળખાતો જમીનદારવર્ગ દીનપરદીન ક્ષીણતાને પામતો જતો હોવાથી તેમાંના લાગતા વળગતાઓને તો અફસોશ કરાવે તેમાં નવાઇ નહી. પણ દેશદાઝ જાણનારાઓને પણ ઘણું લાગેછે.—

જમીદાર વર્ગની દુર દશા થવાની સાથે તેમનો કોરટ ક ચેરીઓમાં અને અમલદારોની આગળ મોભો અને ગળતાં માન અકરામમાં પણ ઘટારો થતો ગયો છે. અને તેથી "ઉ

ત્તમ ખેતી " તે ફનીષ્ટાતામાં ગણાવા માંડી છે; તેને માટે પણ યોગ્ય તજવીજ સરકાર તરફથી થવી જોઇએ; એટલે યુનીવરસીટીમાંથી ખેતી વાડીની વીદ્યામાં કુશલતા મેળવના રાઓને ડેપ્લોમાં આપવાની સાથે જમીદારી વર્ગમાંના આગેવાનો, અને દેશની ખેતીવાડી સુધારવાની ખંત અને કાળજી ધરાવનારાઓને ગામની પંચાયતના; મ્યુનીસીપાલીટીઓ, અને લોકલબોર્ડમાં અને કાયદા કાઉન્સીલમાં મેમ્બરો નીમી, કોર્ટ કચેરીઓમાંથી પણ તેમને ઘટતુ માન મળે તેમ થવું જોઇએ. તથા અમીન, દેશાઇ, મજમુદારના જેવા અસલી માનના ખીતાબે આબરૂદાર નવા જમીનદારોને આપવા જોઇએ.

આમ થશે ત્યારેજ કેળવાયલો અને પ્રતીષ્ઠીત વર્ગ ખેતીવાડીના ધંધામાં પડવાને લલચાશે—વળી સરકારના એગ્રીકલચરલ ખાતામાં અને ગામના તલાટીઓની જગોની નીમણુંકો કરવામાં ખેડુત વર્ગમાંના લાયક સખસોને પ્રેફરન્સ આપવું જોઇએ.

શાહુકારોની બાબતમાં—ખેડુતોની વસ્તી ધરાવતા દરેક ગામમાં તેમના નીભાવ સારૂ એકાદ સુથાર, લુહાર, ધાંયજો, કુંભાર અને ચમારના ઘરની જરૂર પડે છે, તેમ એકાદ બે તેમને ધીરધાર કરનાર શાહુકારની પણ જરૂર છે ખરી, તેઓ ખેડુતોને ધીરધાર કરે છે, તેની સાથે તેમના મોદી, ગાંધી, કાપડીયા, અને તોળાટ દલાલનું અને બીજી સવડતાનાં પણ કામ કરે છે. આ લોકો ભારે દરના વ્યાજે નાણાં ધીરી તથા બીજી રીતે તેમને ચુશી લેઇ ગરીબ અને કરજદાર બનાવે છે ખરા; પરંતુ તેટલા માટે તેમના ધંધામાં આડકતરી રીતની હરકતો અને મુશકેલીઓ નાંખી, તેમને નાબુદ કરી નાંખવાનું પસંદ કરવા યોગ્ય નથી; સરકાર ગમે તેટલી મોટી રકમો તગાવી તરીકે આપવા સારૂ કાઢશે, અગર ખેતી વાડીની પેઢીઓ સ્થાપશે, પરંતુ તેમાં તે પહોંચી શકનાર નથી, તેમ

પુરતી ફતેહ મળી શકવાની નથી; શાહુકારોનું કામ તે શાહુકારોજ કરી શકશે. માટે તેમના શીવાય તો ખેડુતોને ચાલવાનું નહી—માટે નામદાર સરકારે તો તેમની હયાતી કાયમ રહે અને તેમના ધંધા રોજગારમાં હરકતો અને મુશકેલીઓ નાંખવાને બદલે કેટલીક રીતની વધારે સવડતાઓ કરી આપવી બેહેતર છે; તેઓ જે ખેડુતોની પાસેથી આકરૂ વ્યાજ લે છે. અને સખત સરતોનાં ખતપત્ર કરાવી લે છે, તેનું કારણ તેમણે ધીરેલી રકમો વસુલ કરવામાં પડતી અડચણો અને દીવાની કોરટોના કાયદા કાનુનોથી પડતી મુશકેલીઓ અને કરવું પડતું ખરચ પણ છે; અને "ઉંટે ઉંટે કર્યા ઢેકા ત્યારે માણસે કર્યા કાહડા", એ કેહેવત મુજબ તેઓ વરતે છે–નહી તો તેઓ સરકારની તગાવીના દરથી કે ખેતીવાડીની પેઢીઓના દરથી પણ કમતી દરના વ્યાજે ધીરવાને તતપર થાય તેમ છે; અને તેને માટે ફકત એટલીજ સવડતા તેમને કરી આપવાની જરૂર છે કે, તેમને પોતાનું લેણું વસુલ કરવા દીવાની કોરટમાં જવુ ન પડે, પણ તાલુકાના મામલતદારનીજ કોરટથી સાંથના દાવાની માફક સમરી તજવીજથી અને એક કે બે વર્ષની અંદરની રકમ જે ફકત ખેતીવાડીનાજ કામ માટે ધીરેલી માલમ પડે, તેને ઘણામાં ઘણા છ ટકા સુધીના વ્યાજ સાથે સરકારી મહેસુલની રીતે વસુલ કરી આપવાનું હુકમનામુ થાયતો બસ છે-—પણ હાલની ત્રણ વરસની મુદતનો કાયદો, ખત લખવાનું સ્ટામ્પ અને રજીસ્ટ્રેશન ફીનું ખરચ તથા દાવા કરવા પડેતો કોરટના તરફનું ખરચ અને તેગ કરતાં પણ વસુલ થવું ન થવું એતો ખેડુતની શકતીપર વાત રહી, તેથીજ તેઓ આકરૂ વ્યાજ માગે છે; અને ગરજના માર્યા ખેડુતો તે કબુલ કરે છે. ખેતીવાડીની પેઢીઓ એમ કેટલી સંખ્યામાં કાઢશે, અગર કેટલી મોટી રકમ તેમાં થાપણ

તરીકે રોકશે કે તેનો લાભ તમામ ખેડુતવર્ગને આપી શકાશે તે સમજાતું નથી, આ દેશની રૈયતની અને વીશેશે ખેડુતવર્ગની સંસારી વ્યવહારી રીતથી અજાણ્યાઓને કાગળ ઉપરતો તેમ કરવાનું સારૂ અને સુતર માલમ પડેછે, પરંતુ અમલ કરતાંજ ખરી મુશકેલીઓ તો જણાશે; શું આ પેઢીઓ વાળા ખેડુતોના વાયદાપર વાયદા કરવાની રીત સાંખી શકશે, અથવા છોકરાના છોકરા પાસેથી વસુલ કરવા સુધીની ધીરજ ખમી શકશે? અને તેવીજ રીતની બીજી સંખ્યાબંધ સગવડતાઓનો લાભ તેમને આપી શકશે? કદી તેમ બનનાર નથી. શાહુકારો ખેડુતોપર કોરટના હુકમનામાં કરાવે છે, પરંતુ તે બજાવવાને બાર બાર વર્ષની લાંબી મુદત રાહા જુવે છે, તેમની વેચાણ કે ગીરો લીધેલી જમીન તેમનેજ ખેડવા દેછે અને ઘરમાં રહેવા દેછે, વાછડા કે પાડાં તેમને ઘેર બંધાવી તે દ્વારે ખેડુતોને ભારે ન પડે તેવી રીતે પોતાનું લેણું વસુલ કરવાની તજવીજ કરે છે—ટુંકામાં ખેતીવાડીની પેઢીઓ અને તગાવીની સીસ્ટમથી, બધી રીતની ખેડુતોની સગવડતા સચવાઇ શકવાની નથી,—અને વધારામાં સાહુકારોની હજારો રૂપીઆની લેણી રકમો (ખેડુતોની દુરદશાથી હાલમાં પણ ડુબેલા જેવીજ થઇ પડી છે. પરંતુ આશામાંને આશામાં રહી નીરાશ થતા નથી) ડુબી જવાનું ધારી તેમના ટાંટીયા ભાગી જઇ ધંધા રોજગાર વગરના થઈ પડી દેશનાપર દરીદ્રતાનો બોજો વધારશે; અને તેથી આડ કતરી રીતે સરકારના કેટલીક પ્રકારના મેહેસુલમાં પણ નુકશાન કરતા થઇ પડશે. ખરૂં પુછોતો હાલમાં સરકારનું જમીન મેહેસુલ અને બીજા કરોનું વસુલ જે વખતો વખત પુરેપુરૂં વસુલ થઇ શકે છે. તે આ શાહુકારોનાજ પ્રતાપથી છે; આટલું બધું લખવાની મારી મતલબ કાંઇ શાહુકારોના જુલમ અને અપ-

અપ્રમાણીકપણાનો બચાવ કરવાની નથી; પરંતુ તેમને નાબુદ કરી તે કામ પોતાની તગાવીની રકમો અને ખેતીવાડીની પેઢીઓથી કરવા ધારે છે તેનું અશક્યપણું બતાવવા સારૂંજ છે.

ખેડુતોની દુરદશા થવામાં વીઘોટીનો આકરો દર કે રાજ્યનીતીનું કારણ નથી, એમ પાછળ જણાવવામાં આવ્યું છે; અને હાલ ફરીથી જણાવું છું કે પાછલાં દેશી પરદેશી રાજ્યોના કરતાં હાલના બ્રીટીસ રાજ્યમાં કેટલેક દરજ્જે કમતી છે. તેમજ ખેડુતોની સ્થીતિ સુધરે અને આબાદ થાય એવી ખાસ ઇચ્છા રાજ્યનીતીના સુકાનીઓ ધરાવે છે; પરંતુ સારાં તેમ નઠારાં વરસોમાં મુકરર થએલી વીઘોટી પુરેપુરી એક સરખી રીતે વસુલ કરવામાં આવે છે, તેને બદલે સરકારના અનુભવી અમલદારો, અને રૈયતમાંના સરકારના વીશ્વાસુ અને મોભો ધરાવતા ગ્રહસ્થોથી નવેમ્બર કે ડીસેમ્બર માસમાં તે વર્ષે કયા જીલ્લામાં કેટલી આની નીવડયું તે નકી કરવું જોઇએ જો. બાર આની કરતાં પણ કમતી આનીનું નીવડેલું માલમ પડે તો તેજ સરાસરીથી તમામ ખેડુતો;—બહારખલી, ઇનામી કે સરકારી ખાલસા જમીન ધરાવતા તમામ, અને દાર કે નાદાર, સૌની પાસેથી કમતી લેવાના જનરલ હુકમ વસુલ લેવાની હપતાની તારીખોની અગાઉ ગામે ગામ જાહેરનામાં ચોઢી તથા દાંડી પીટાવી પ્રસીદ્ધ કરવાં જોઇએ, દાર અને નાદાર ખેડુતોનો ફરક રાખવા જતાં પક્ષા પક્ષી લાગવગ અને હલકા દરજાના નોકરોને અપ્રમાણીક પણે વરતવાનું ઉત્તેજન મળી સરકાર અને ખેડુતોને બંનેને નુકશાન થાય છે; હાલમાં એવો ખોટો વીચાર પેશી ગયો છે કે ગરીબ અને કંગાલ ખેડુતોનેજ મહેસુલની છુટ તથા સસપેનશન એટલે મેહેતલ આપવી, પણ દાર એટલે ખાતાપીતાને તો નજ આપવી. આમ કરવામાં નાદારને પણ દારમાં ગણવાની સ્વાભા

ધીક વલણને ધ્યાનમાં ન લેઇએ તો પણ તેથી તો દારમાં ગણાતા ઘણા ઉલટા નાદાર સ્થીતીમાં આવતાં જાય છે, અને જેઓ નાદાર છે તેઓ તો જેમ " કાગળે કાંઇ દવ હોલાય નહીં " તેની માફક ગરીબને ગરીબજ રહેવાના; દુકાળ જેવા વખતમાં તેમના જાન બચાવવા, ડોલ, અને રીલીફ વર્કસનો આશરો આપવા સામે વાંધો નથી; પરંતુ વીઘોટી વસુલ કરવામાં છુટ અને મેહેતલનો લાભતો નાદાર કરતાં પણ દારને વધારે આપવો જોઇએ, કેમકે તેવાઓનેજ સેકડાથી તે હજારના આંકડા સુધીની રકમો મેહેસુલ તરીકે તો ભરવાની હોય છે; અને તેઓએજ ચાલતા દસકાના નઠારા વરસોમાં પોતાની હજારોની મુડી ખેતીવાડીના ધંધામાં ગુમાવી છે, અને કરજ દાર પણ ઘણાક થઇ ગયા છે; તેમજ તેઓમાંના કેટલાકની સ્થીતી તો "દમ ઢોલ અને માહી પોલના" જેવીજ દાર હોય છે. એટલે ખરી રીતે જોતા તો નાદાર કરતા પણ આ ઉપ રથી કહેવાતા દારની સ્થીતી ખરાબ થઇ ગએલી હોય છે; ટુંકામાં નઠારાં વરસોમાં દાર અને નાદરનો તફાવત રાખવાં જતાં નાદાર હશે તે કદી દાર તો થવાના નથી. પરંતુ દાર ની સંખ્યામાંના સેંકડો બીજા નાદાર તો થઇ જશે ખરા.

કદાપી સરકારના સરવે અને સેટલમેન ખાતાના અધી કારીઓ એવો વાંધો બતાવશે કે અમે વીઘોટીનો દર ઠરાવ- વામાં સરાસરી કાઢતાં એકાદ દુકાળ અને ચાર પાંચ સ્કેરસી ટી એટલે કમતી પાકવાળા વર્ષોને પણ ગણતરીમાં લીધાં છે; વળી વધારે આબાદ વર્ષો તેવા વર્ષોમાંનો લાભ તેઓજ લે છે, તો છુટ વગેરે મેળવવાનો ખેડુતોનો હક નથી; અને હુ પણ કહુ છું કે ઇનસાફની રીતે તો હક નથી; પરંતુ બ્રીટી શ રાજ્ય નીતીનો કાનુનતો જસટીસ ઉવીથ મરસી એટલે ઇનસાફની સાથે દયાથી ભરેલો છે, અને ઉચા દરજ્જાના હા

કમોની કૈયત તરફ લાગણી પણ તેવીજ હરેક બાબતમાં ર હે છે. તો આવી ઘણીજ જરૂરની બાબતમાં તો એ સબબ ધ્યાનમાં લેવાયજ નહી.

વળી વીઘોટી વસુલ કરવાની ફીસો એટલે હપતાની તા રીખો પણ પુરતી અનુકુલ નથી, તેથી ઘણા ખરા ખેડુતોનો પાકેલો માલ ખળામાંજ પડેલો હોય છે. અને હપતાની તા રીખ આવી પહોંચે છે, તેથી ઉતાવળ કરી શોંઘે ભાવે માલ વેચી દેવો પડે છે; અગર માલ ન વેચાતાં શાહુકારનું વ્યાજ વટાવ સાથેનું દેવું કરવું પડે છે; માટે હપતાની તારીખ વીતી ગયા પછી દશ દીવસમાં ભરનારને માથે નોટીસ ફી અને તે પછી ભરનારને માથે ચોથાઇ દંડ લેવાનો કાનુન છે. તેને બદલે હપતાનતી તારીખની અંદર ભરનારને સેંકડે પાંચ ટ કાની અને નોટીસની મુદતની અંદર ભરનારને બે ટકાની છુ ટ કાપી આપવાનો, અને તે પછી ભરનારની પાસેથી પુરેપુરી રકમ વસુલ કરવાનું અને તેની મુદત પણ બીજા હપતાની તારીખ સુધીજ લંબાવવી જોઇએ, તે પછીથી નોટીસો અને મીલકત હરરાજ કરવાનાં જાહેરનામાની તજવીજો તો કરવી જોઇએ, વળી નોટીસની મુદતની અંદર ભરે તો નોટીસ ફી અને જાહેરનામાનો અમલ થયાની અગાઉ ભરે તો દંડની રકમ હજુરની મંજુરી મેળવીને રીફંડ કરવી જોઇએ. ટુકામાં ચોથાઇ દંડતો દાડાઇથી ન ભર્યા હોય અને તેવી ક લેકટર કે કમીશનર સાહેબની પાકી ખાતરી થાય તોજ વસુલ થવાં જોઇએ.

વળી સારાં અને બાર આની ઉપરાંત પાકવાળાં વર્ષોમાં પણ અમુક ખરા કારણોથી કોઇ ખેડુતના એકલાનાજ પાકને નુક સાન પહોચ્યું હોય તેને માટે કેફીઅતનાં પત્રકો કરાવી, જમાબંદી કરનાર અમલદારે જમાબંદી કરતી વખતે ખાતરી

કરી છુટ આપવામાં બગાર વધારે લીબરલ થવું જોઇએ, તેમ જમાબંદી કરતી વખતે છેક ઘણુંજ મોડુ થઇ જાય છે તેમ ન થતાં પહેલા હપતાની વસુલાતની તારીખ પેહલાંજ, અને ઢીલ થવાનું ખાસ કારણ હોય તો બીજા હપતાની તારીખ પેહેલાં તો થવીજ જોઇએ; અને અમલદારોના ઉપર બીજા કામોનો બોજો ઘણો હોવાથી ગામોની જમાબંદી કરવામાં કોઇ કોઇ-વાર ઘણીજ ઉતાવળ થાય છે. એટલે એક દહાડામાં વીશ પચીશ ગામોની કરી દેવાની જરૂર પડે છે, માટે ફક્ત ત લાટીયોના હીસાબના કાગળ શીવાય ગામને લગતી બીજી બાબતોની અને ગામની હાજતો બાબતની ગામના પટેલીઆ ઓને પુછીને કે બીજી રીતે તપાસ પુરતી રીતે કરવાને બની શકે તેમ થવું જોઇએ;—

**જમીનના કબજા હકની હરરાજી** બાબત ચોમાસાની મોસમમાં વરસાદ પડવાના અનીયમીતપણાને લીધે અને બીજાં કેટલાંક કારણોને લીધે ઘણાક ગામોમાં ખેડુતો કેટલીક જમીનની મહાદુરીઓ એટલે રાજીનામાં તા. ૩૧ માર્ચ સુધીમાં આપે છે. પરંતુ આવતા વર્ષની શરૂઆત સારી જણાય તો પાછી જુલાઇ અગષ્ટ માસમાં તેજ જમીનોની કે બીજી પડતર જમીનોની પાછી કબુલતો કરે છે; તે વખતે એ જમીનોના કબજા હકની હરરાજી કરી આપવામાં આવે છે, હવે જો અમુક સરવે નંબરની જમીનની માગણી એક કરતાં વધારે જણ કરનારા આવે તો જે વધારે રકમથી માગણી કરે તેને આપવી યોગ્ય ગણાય, પરંતુ તેમ ન હોય અને ઘણી વખતે તો મહાદુરીનો આપનારજ તે હોય છે તેની પાસેથી પણ કબજા હકની રકમની માગણી કરવી તે ઠીક નહીં, આવતું વર્ષ નઠારૂ નીકળે તો વીઘોટી માથે પડવાની બીકથીજ તેણે મહાદુરી આપેલી તો હોય છે; આ કબ

જા હકની રકમ ગામની આબાદીના પ્રમાણમાં કુલ આકાર
ની ચાર આની આઠ આની કે પુરા આકાર સુધીની હોય
છે. અને ઓછામાં ઓછી પણ દરેક સરવે નંબરની ફક્ત
ઘડ બે ચાર આના, આઠ આના કે રૂપીઓ બે રૂપીયા પણ
હોય છે. એમ છતાં જો કદાપી તેના એકથી વધારે સખસ
માગણી કરનારા નીકળે તો તો જે વધારે રકમથી માગણી
કરે તેનેજ આપવામાં આવે છે. આ રીતની સામે જો કે
વાંધો નથી; પરંતુ ઘણી વખતે ગામમાં પારટીઓ પડેલી
હોવાથી કે બીજી ખાનગી અદાવત કે તકરાર માંહોમાંહે
હોવાથી અને ઘણી વખત તો કેવળ ચડસા ચડસી અને મ
મતનીજ ખાતર હરરાજીમાં દમપરદમ રકમ વધીને માગણી
ઓ કરે છે, તે વખતે જમીનના કસ કે ક્ષેત્રફળની ઉપર વી
ચાર નહીં રહેતાં સામાને નમાવી દેવા કે હલકો પાડવા કે
નુકશાનમાં નાંખવા ઉપરજ નજર દોડાવે છે;—તેથી હદ
પાર વાત જાય છે; અને તેનો બોજો મુળ અરજદારને મા
થેજ પડે છે, કેમકે એક તો જમીન પોતાની અસલની હો
ય કે સવડ પડતી હોય તેથી પેલા સામા વાટે જતાં વેસે
બેસવાનું ડોળ કરનારના કરતાં છેવટે તે પોતેજ વધીને માગ
ણી કરે છે. અને પછી રૂવે છે. વળી ઉપર મુજબ જે સર
વે નંબરની માગણી કરનાર તે એકલોજ હોય અને મુળ મ
હાદુરી આપનાર પણ તેજ હોય, પરંતુ તે ઉપર મુજબની
કબજા હકની ઓછામાં ઓછી રકમ પણ આપવાને ના કબુ
લ કરે તો તેને તે આપવામાં આવતો નથી; વખતેતો પડ
તર રહે તો પણ ભલે, પણ કબજા હકની રકમ પેહેલી લે
વાની એવી હઠ લેવામાં આવે છે. આ શીવાય બીજી નદીઓ
વગેરેના ભાઠાની અને વગર આકાર ઠરેલી પડતર જમીનોની
પણ એક બે વર્ષ માટેની ટુકી મુદતના કબજા હકની હર

રાજી કરી આપવામાં આવે છે. તથા ગામડાના ગામતળની પડતર ઘરથાર જમીનોના લાટોની પણ વારશીક ભાડાના દર ઉપરાંત કબજા હકની રકમ ઉપજાવવા માટેની હરરાજીઓ કરવામાં આવે છે.

ઉપર મુજબની હરરાજીઓ કરનારા મુખ્યત્વે કરીનેતો ગામના તલાટી પટેલ અને તાલુકાના જનરલ ડયુટી કારકુનો હોય છે, જેમના હાથમાં તે મંજુર કરવાની સત્તા હોતી નથીતે, તો મામલતદારની જોઇએ; અને કોઇ કોઇ વખતે તો હજુરની એટલે તાલુકાના ઇંચાર્જ આસીસ્ટંટ કલેકટરની કે જીલ્લાના કલેકટર સાહેબની મંજુરીની જરૂર હોય છે તેથી પુરતી રકમથી કબજા હકની માગણી થઇ હોય અને રૂલ મુજબ ચોથાઇની રકમ ભરી હોય તો પણ લખાપડી કરવામાં કેટલીક મુદતની કળી જાય છે. તેથી ખેડુતને તો "વાવણી અને તાવણીનો અવસર ચુકે તેનો બાપ બણગુ ફુંકે" એમ કેટલીક વખત થઇ પડે છે; આ કારણથી તેઓને માગણીની અરજી કર્યા પછીથી તુરત તે જમીનમાં વાવેતર કરવાની જરૂર તો પડે છે; હવે જો રીતસરની લખાપડી કરતાં જો મંજુરી મળી તોતો ઠીક, પરંતુ જોગજોગે મંજુરી કરનારા અધીકારીની નજરમાં તે પુરતી કે યોગ્ય ન લાગે અને વધારે ઉપજાવવા કે બીજી કોઇ રૂલની સરતની ભાંજગડથી ફરીથી હરરાજ કરવાનું લખાણુ આવે તો પછી ગભરાટનો પાર રહેતો નથી; કેમકે ખેડુત વાવેતર કે ખેડ ખાતરનું કામ કરી ચુકયો હોય અને પણે ના મંજુરીના સમાચાર સાંભળે એટલે વગર રજાએ વાવેતર કર્યા સંબંધીની રૂલ લાગુ પડવાની ધાસ્તીમાં આવી પડે. માટે આ બાબતમાં તો એમ થવું જોઇએ કે, જે સરવે નંબરની જમીનને માટે એકજ સખસની માગણી હોય અને તે તેનીજ

સવડનો કે નઠારૂં વર્ષ આવે તો વીઘોટી માથે પડવાની બીક થીજ મહાદુરી આપેલી હોય તો તેની પાસેથી કાંઇ પણ કે બજા હકની રકમ ન લેતાં ફક્ત તલાટી પટેલને કબુલાત લ ખી આપેથીજ તેને આપવો જોઇએ, અને એક કરતાં વધા રે માગણી કરનાર હોય તો ઉપર મુજબ કબજા હકની રકમ લેવાના ધોરણ મુજબની રકમ આપે ત્યાં સુધી તેના મુળ ધ ણીનેજ આપવી જોઇએ, અને તે ના આપે તો બીજાને આ પવી જોઇએ; પરંતુ ચાલતા સુધી જાહેર હરરાજી કરી ગા મના સાધારણ ધોરણ કરતાં વધારે ઉપજાવવાની કાળજી રા ખવી ન જોઇએ; અને ચડસા ચડસી અને મમતા મમતી ના કારણથી હદપારની વાત જતી રહી હોય તો, બીજી બા બતોમાં કલેકટર સાહેબના ડીસક્રેશન પર નામદાર સરકાર સોંપે છે તેમ તે જમીનની મગદુર અને તેવી બીજી જમી નોની વેચાણ કરતા કીંમત ઉપજતી હોય, તે ઉપર વીચાર કરી અમુક રકમ ઠરાવી તે માગણી કરનારાઓમાંના જેને તે વધારે સવડ પડતી અને બીજી રીતે આપવા યોગ્ય જ ણાય તેને આપવી જોઇએ. વધારે રકમથી માગણી કરનારને આપવાથી તે ખેડુતને છેવટે ખોટના ખાડામાં ઉતરવું પડે છે, અને કેટલાકને તો દેવું કરીને તે રકમ લાવવી પડે છે; બી જી મેહેસુલની બાબતમાં કદાપી હરરાજીમાં વધારે રકમથી માગણી કરનારને આપવાનો રીવાજ બંધ કરવાનું હાલ દુર સ્ત ન ધારે તોપણ હાલ ખેડુતોની દુરબળતા મટતા સુધી આ કબજા હકની બાબતમાં તો મહેરબાની કરવી જોઇએ.

**ઘાસહરાજી** બાબત—જે જમીન ખેડુતોના કબજામાં હોતી નથી ને શીવાયની દરેક ગામની શીમની હદમાંની પડ તર જમીન ઉપર ચોમાસાની મોશમમાં ઉગેલા ઘાસની સરકા ર તરફથી હરરાજી કરવામાં આવે છે, હવે તેમાંજે મોટા વી

સ્તારના બીડો અને ચરા હોય છે, તેની પબ્લીક હરરાજી તો તાલુકાના મામલદારની કચેરીમાં તેમની રૂબરૂમાં કે ઇન્ચાર્જ અસીસ્ટંટ કલેકટરની ઓફીસમાં તેમની રૂબરૂમાં કરવામાં આવે છે, પરંતુ તે શીવાયની તમામ પડતર જમીનના ઘાસની કીમત ગામના ખેડુતો પાસેથી લેવામાં આવે છે, આ કીંમત પડતર જમીનના વીસ્તારના પ્રમાણમાં દર એકરે, કે વીઘોટીના ઠરાવેલા આકારની રકમના દર રૂપીએ, એક બે આનાથી આઠ આના સુધી ગામની સ્થીતીના પ્રમાણમાં ઠરાવેલી હોય છે. સારા વરસાદવાળાં વરસોમાં તો ગામ લોકો ખુશીથી તે રકમ આપે છે, કેમકે તેવી પડતર જમીનપર તેમનાં ઢોરો હરહમેશ ચરે છે, પરંતુ કમતી વરસાદવાળાં વરસોમાં પુરતુ ઘાસ નહી ઉગેલું હોય ત્યારે તો તે તેમને આકરૂં પડે છે ખરૂં. આ ઘાસની પણ દર સાલ હરરાજી થાય છે, અને તેમાં ગામના એકાદ બે આગેવાનો ઠરાવેલી આનીના આંકડા જેટલી રકમથી માગણી કરે છે, પરંતુ તેઓ આખા ગામના ઢોર ચરાવવાને માટેજ રાખે છે, તેથી ભરવાની રકમ તેઓ ખેડુતને ઘેર ઢોરની સંખ્યા હોય તેના પ્રમાણમાં ફાળે આવતી રકમ તેમની પાસેથી લેઇ એકઠી કરે છે. તેથી નઠારાં વરસોમાં તે ગામના તલાટી પટેલની અને વખતે જનરલ ડયુટી કારકુનની મદત વગર વસુલ થઇ શકતી નથી.

બીડ અને ચરાની જમીનના ઘાસની હરરાજીમાં તો જે વધારે રકમથી માગણી કરે તેનેજ મળે છે, તેથી તે ગામના ગરીબ ખેડુતોને હાથ તો કવચિત આવે છે. તેમ તેમને તેની જરૂર પણ હોતી નથી. તેથી નજીકના શહેરના કે કસબાના રહેનારા ઘાસના વ્યાપારીઓજ રાખે છે, અને તેમાંતો જમીનના કબજા હકની હરરાજીના કરતાં પણ વધારે ચડસાચડસી અને મમતે ચઢે છે; આ હરરાજીમાં રાખનાર વ્યાપા

રીઓ પછી તેને સાચવવા પોતાનાં માણસો અને મુસલમાન કાબુલી વગેરે જાતના નોકરો રાખે છે. તેઓ આ બીચારા ગરીબ અને બીકણ ખેડુતોને ઘણા હેરાન કરે છે, અને પૈસા કઢાવી ખાઇ જાય છે. કેમકે આ બીડોની અને ચરાની આ સપાસ તે ગામના ખેડુતોની વાવેતર કરેલી જમીનના ખેતરો હોય છે તેમાં જવા આવવાના રસ્તા તેની કોરપર કે વખતે વ ચમાં હોય છે, તેથી તેમના ઢોરોએ ઘાસનો બીગાડ કે ભેલાણ કર્યું કહીને તે ઢોરોને અટકાવી પકડી ડબામાં પુરવાની તજવીજ લાગલી કરે છે. અને જો માહોમાહેની સમજુતી ન થાય તો તેવાં સંખ્યાબંધ ઢોરોને ડબામાં પુરી દેછે. વળી તેમના શેઠ ને ખોટું સમજાવી માજીસ્ટ્રેટની કોરટમાં બીગાડ હંગામ વ ગેરેની ફરીયાદો પણ કરાવે છે; ટુકામાં જે ગામોની શીમમાં બીડ કે મોટા ચરાની જમીન હોય ત્યાંના ખેડુતોને આ પર બાર્યા લોભીઓ ઘણા પ્રકારની કનડગત કરે છે. માટે ના મદાર સરકારે આ બાબતમાં એમ કરવું ઘટારત છે કે, ગા મની પડતર જમીન જેમાં હર હમેશ ગામના તેમ રસ્તે જતાં આવતાં ઢોરોનો પગદંડો હોય છે, તેમાં ચરવા લાયકનુ મોટુ ઘાસલો થવા પામી શકતું નથી. ને તુરતની મહાદુરી આપેલી ખે ડાણ જમીનમાં તો ઘાસ ઉગેજ શાનુ, તેમ તલાવડાં અને ખા ડા ટેકરા વાળી કેટલીક જમીન તો હોય છે ને કેટલાક ગામોમાં ખારે ગએલી ઉસાળ જમીન હોય છે, તેવીજ પડતર હોય છે. તો વીશેશ મુદત નહી તો ખેડુતોની હાલની દુરદશા દુર થાય ત્યાં સુધી આ ઘાસ હરરાજીની સીસ્ટમ બંધ કરવી જોઇએ, અને ગામના ખેડુતોનાં ઢોરને મફત હરવા ફરવા અને ચરવા પણ દેવાં જોઇએ, છતાં તેમ કરવું દુરસ્ત ન જણાય તો પછી ઠરા વેલી આનીની ગણુતરી મુજબની રકમ ઉપજાવવાને બદલે સારાં નરસાં વરશો ઉપર નજરરાખવી જોઇએ, અને તે ગામના ખેડુતો

શીવાયના બીજા બહારનાઓને કદી પણ આપવી જોઇએ નહી, ચરાને નામે ઓળખાતી જમીન તો માજી રાજ્યોમાં પણ ગામનાં ઢોરને મફત ચરવાને કાઢેલી ધરાય છે, તો તેવી જમીન ગામના ર બારી ભરવાડ વીગેરે ઢોર ઉછેરનારઓને તેમનાઉપયોગી ધંધા ને ઉત્તેજન આપવાવી ખાતર તેમને અલગ કાઢી આપવી જોઇએ. કે જેથી હાલમાં તેઓ તેવી જાતની કોઇ સવડ વગર અડચણ ભોગવે છે તે દુર થાય. મોટા વીસ્તારનાં બીડોની ધાસ તો વેચ વી જોઇએ; પરંતુ તે હાલની માફકની ચડસા ચડસી અને મમતા મમતીની અંતે નુકશાનકારક પદ્ધતી મુજબની હરરા જીથી નહી આપતાં યોગ્ય બ્યાજબી રકમથી હર હમેશ ધાસ નો બ્યાપાર કરનારા કોઇ આબરૂદાર અને પ્રમાણીક સખસને આપવી જોઇએ: અને ગામના ખેડુતોને જવા અવવાના ગા રગોની હદ તેમને ગામ નોકરોએ બતાવી નક્કી કરી આપવી કે તેમના નોકરો ખેડુતોને નાહકના પજવી શકે નહી.

**ફળાઉ ઝાડના ફાલની હરરાજી**–નવા રીવીઝન સર્વે સેન્ટલમેન્ટની વખતે કબજાની જમીનમાનાં ઝાડો ઉપરનો હક તો ખેડુતોને આપવામાં આવેલો છે. પરંતુ જે ઝાડો પડતર કે ખ રાબા જમીનપર હોય છે તેનો ફાલ તેમની મોશમની વખતે સરકાર તરફથી હરરાજી કરવામાં આવે છે, ખરૂ જોઈએ તો આવા ફલાઉ ઝાડો જેવાં કે આંબા રાયણ, મહુડા, આંમલી, વગેરેને વાવી પુરતી સંભાળ અને દેખરેખ રાખ્યા વગર ઉ છરી મોટાં થઇ શકે જ નહી; તેથી તે કોઇનાં પણ ઉછેરે લાં હોવાં જોઇયે, છતાં સરકારી જમીનપર છે માટે સરકાર ની માલકીનાં ગણી તેના ફાલની કીમત સરકારમાં લેવામાં આવે તે દુરસ્ત તો નથી; વળી કોઇ દાવો રાખવા જાય તો તેને માટે સાબીતીનો પુરાવો માગવા જાય, તે તો આ ગામ

ડીઆ અભણ લોકો પાસે શાનોજ હોય ? માટે આ ફળાઉ ઝાડની બાબતમાં તો સામો દાવો કરનારની પાસે પુરાવો મા ગવાને બદલે સરકાર તરફથી પોતાના દફતરી પુરાવાથી અ ગાઉ તે ઝાડોની ઉપજ લીધાનો દાખલો નીકળેતોજ.

આવાં ફળાઉ ઝાડોના ફાલની હરરાજી તો કરવી જોઇએ. ટુકા માં આંબા, રાયણ, મહુડા, આમલી જેવાં ફળાઉ ઝાડ તો સરકારી એટલે કોઇ પણ તેના ઉપર ઉછેરકે રખવાળ તરી કેનો હક નહી ધરાવનાર હોય એવું કવચીતજ હશે; વળી જંગલી બોયડીઓનાં બાર, કોઠીનાં કોઠાં, કેરાં, કરમદા વગેરે હલકી જાતનાં ફળ અને બાવળનાં પરડાં, પાલી અને બીજી વનસ્પતીનાં છાલ પાંદડાં વગેરેને તો ગરીબ ગામડીઆનાં છોકરાં અને ઢોરોને વીણી ખાવાજ દેવાં જોઇએ—

**સુકાં લાકડાની હરરાજી**—આને માટે ઉપર જણાવ્યામુ જબ ઘાસ અને ફળાઉ ઝાડનાં ફળની માફકની છુટ મુકવાનુ કહી શકતો નથી. પરંતુ ઉલટો કાંઇક વધારે અંકુશ મુકવા જેવું છે. નવા રીવીઝન સેટલમેંટમાં કબજાની જમીન ઉપરનાં ઝાડોનો હક સરકારે ખેડુતોને સોપી દીધા પછીના ટુકા અ રસામાં હજારો સુકાની સાથે લીલાં ઝાડો અને તે પણ ઉપર ગણાવેલાં ફલાઉ ઝાડોનો ઘાણ નીકળી ગયો છે એટલે કપઇ ગયાં છે, વળી છેલા છપનીયા દુકાળમાં તો ફલાઉની સાથેજ-લાઉ અને માલકીનાંની સાથે સરકારી નાનાં મોટાં ઝાડોનો નાશ અને બોડાં રાંડાં થઇ ગયાં છે, તેથી ખેડુતના કબજાની જ મીનનાં ઝાડ પણ લીલાં હોય ત્યાં સુધી કાપી શકે નહી. અને સુકાયા પછીથી પણ ગામના પટેલ તલાટીની ખાતરી કરી રજા લેઇ કાપે તેવી સરત કે અંકુશ મુકવા સરખું કારણ થઇ પડયું છે. જો આમને આમ છુટ રહેશે તો જે ઝાડો હજુ રહેવા પામ્યાં છે, તેનો પણ થોડી મુદતમાં નાશ થઇ

જશે. વળી નવાં ઝાડો રોપવામાં પણ હાલમાં સરકાર તરફથી જે મેહરબાનીભરેલી શરતો અને લાલચો અપાય છે તેમાં હજુ પણ વધારે થવો જોઇએ;—

આ શીવાય ગામડાના ગામતળીઆની અને ભાગોળ પર વાડના વાડાઓની જમીન સરકારની માલકીની ઠરાવવાથી પણ ખેડુતોને પોતાને રહેવાના અને ઢોરોને બાંધવાનાં ઘર પડતર જમીનપર કે પડી ગએલાને ઠેકાણે નવા બાંધવાની પરવાનગી લેવાની જરૂર પડવાથી, તથા કેટલાંક તેવાં ઘરને માથે જુજ આના પાઇનું પણ વારશીક ભાડુ ઠરાવવાની કાનુનોથી ખેડુતોને પૈસાના દુ;ખ કરતાં પણ ઓભામણુ અને અથડામણનુ દુખ વધારે ભોગવવું પડે છે, વળી ખેતીનો સાકણુસાયો માલ લણવા તથા ઘાસ પુળા ભરી રાખવાને-પછવાડે કબજાના વાડા રેહેવા દેવાની થોડી જરૂર નથી—તેમજ જે ગામમાં ગામાત ખળવાડની જમીનનો નીમ થએલો ન હોય ત્યાં તે કરવો જોઇએ. ગામ તળીયાની જમીનમાંના ઝાડ સરકારી ઠરાવતાં ખેડુતોના ઘરના આગણામાં અને ખાસ તેની ઉછેરનાં હોય તે પણ તેમાં તણાઇ જવાં ન જોઇએ.

**હરાયાં જનાવર**—ગામ પરગામના રબારી ભરવાડોનાં ઢોર અને ઘેટાં બકરાં તથા કેટલાક મારતા મીયામાં ગણાતા મુસલમાન કસ્બાતી અને ગરાશીયાની ગાયો અને ઘોડાં વિગેરે દીવસે તેમ રાતરે શીમમાં છુટાં અને ભટકતાં મુકાયાથી ખેડુતોનો વાવેતર મોલનો ઘણો બીગાડ અને ભેલાણ થાય છે. અને કોઇ કોઇવાર તો ખેડુતના મોમાં આવેલો કોળીયો એટલે પાકી તૈયાર થએલો મોલ હતો નહતો આ ઢોરો કરી નાંખે છે; આ નુકશાનમાંથી બચવાને ખેડુતોના હાથમાં સાધન ફકત તેવાં જનાવરોને પકડી ગામના ડબામાં પુરવાનું છે; તેમ કરવા જતાં કેટલી મુશકેલીઓ પડે

છે, તથા મારા મારી અને ટંટા બખેડા થાય છે, તે તો જે ને અનુભવ હોય તેજ જાણે. ટુંકામાં હરાયા અને બીગાડ કર નારા ઢોરોને ડબામાં પુરવાની હાલની રીતથી ખેડુતોને પોતાના ખેતીના માલનો બચાવ કરવાને અનુકુળ પડતું નથી; આથી તો લુચા અને હરામખોરોને બદલે નીરપરાધીઓ ઘણી વખત કુટાઇ જાય છે. ડબા દંડની ઉપજમાંનો મોટો ભાગ તો ચોથાઇ અને ખોરાકી ખરચ તરીકે ગામના પટેલ રાવણીઆના ખીસામાં અને રહેલી રકમ લોકલફંડ ખાતે જાય છે; પરંતુ નુકશાન ખમનાર ખેડુતોનો તો તાલુકાની કચેરીમાં બીગાડની ફરીયાદ કરી સાબીત કરે તોજ દીવસ વળે. માટે આવા રસ્તાને બદલે તેવાં ઢોર શીમમાં છુટાં નજ ફરે અને ફરતાં દેખે તેના માલીકોની તપાસ કરી ખોળી કાઢીને શીક્ષાએ પહોચાડવાની તજવીજ વીલેજ પોલીસ તરફથી થાય તોજ ઠીક થાય; જે ઢોરોનો માલીક તપાસ કરતાં પણ નજ માલમ પડે તેનેજ ડબામાંતો પુરવું જોઇએ.

રબારી અને ભરવાડોનાં ઢોરને માટે ચારાની પુરતી અને સવડ પડતી પડતર જમીન હોય તો તેઓ જાણી બુજીને ખેડુતોના મોલનો બીગાડ કરવાનું પસંદ કરે નહીં; વળી આ લોકોનો ઢોર ઉછેરવાનો ધંધો ખેતીના ધંધાને પણ મદત રૂપ છે, અને તેમને પણ ખાસ ઉતેજન આપવાની જરૂર છે. માટે તેમને માટે પાછળ ઘાસ હરરાજીની બાબતમાં જણ્યા મુજબની સવડતા કરી આપવી જોઇએ.

**જંગી જનાવર**—શીઆળ, સસલાં, હરણીયા, વાંદરા, ભુંડ અને બીજાં જંગલી જનાવરો તથા સુંડા, મોર, કાગડા વગેરે પક્ષીઓ પણ ખેડુતોના વાવેલા તથા પાકેલા મોલનું ઘણું નુકશાન તથા બીગાડ કરે છે; આને માટે તો ફક્ત તેમને બીવડાવી નસાડવા અને ઉડાડી મુકવા સારૂં અવાજ કે

ભડાકો કરી શકાય તેવાં સાદાં હથીઆર રાખવાના પરવાના છુટથી અને વગર ફી લીધે આપવામાં આવે તો બસ છે.

તીડ, કાતરા, ઉંદર, ખપેડી વગેરે પ્રાણી તો ખેતીના મોલનો પુરો ઘાણ કાઢનારા દુશ્મન છે, તેમજ ઊધેઇ, કીડાં ડીઓ, ઇએળો અને દેડકાં ખીસકોલી અને ચકલા વગેરે અને ક જાતનાં ઝીણાં જીવડાં અને નાનાં પ્રાણીઓ પણ વાવેલાં બીજ અને ઉગતા કુમળા છોડને ખાઇ તથા કરડી કાપી વાવેલું તે ન વાવેલું કરી નાંખે છે. તેમજ ગેરૂ, અંગારીઓ વગેરે રોગ લાગે છે. તેને માટે તો સાઇન્ટીફીક અને રસા યણી ઉપાયો જે માલમ પડયા હોય અગર હવે પછી માલ મ પડતા જાય તેનાં સાદી અને સરળ ગુજરાતી ભાષામાં પેમ્ફલેટ અને ચોપાન્યાં છપાવી ખેડુતોમાં છુટથી મફત વે હેચવાં જોઇએ—.

**ઢોરોમાં રોગ**—ખરૂં જોઇએ તો ખેડુતો તેમનો ખેતીનો માલ બગડવાથી કે ભેળાવાથી નુકશાનમાં આવે છે તે કર તાં પણ તેમનાં કીમતી ઢોર બળદ અને ભેંશો વગેરે શીત ળા, મરકી અને બીજા રોગોના ભોગ થઇ મરી જાય છે, તે કારણથી વધારે ખુવાર થઇ જાય છે; આને માટે તેઓ પોતાની જાણીતી દવાઓ કરે છે, પરંતુ તે ઘણી વખતે કા રગત લાગતી નથી. હાલમાં નામદાર સરકાર તરફથી કેટલેક ઠેકાણે વેટરનરી ( જાનવરો માટેની ) હોસપીટલો સ્થાપી છે; પરંતુ ખેડુતોની વસ્તીનાં ગામ અને તેમનાં ઢોરોની સંખ્યા ના પ્રમાણમાં તેમાં વધારો કરી દરેક તલુકાના મુખ્ય કસ બા અને મોટાં ગામોમાં સ્થાપવી જોઇએ, તથા ફરતા ટ્રાવે લીંગ ડાકટરો નીમવા જોઇએ.—

**ચોર લોકો**—ખેતીનો મોલ ઉછેરી મોટો થાય અગર પાકી તૈયાર થવા આવે ત્યારથી તે તેને ઘરમાં લાવી નાંખે

અગર વેચી આવે ત્યાં સુધીમાં ખેડુતોને આ દુષ્ટ લોકોનો ભય અને દુખ વેઠવું પડે છે, ખેડુતોના ગામડામાં પણ વગર ખેતીવાળા અને નીરૂદયમી કોળી વાઘરી અને રાવળીઆ વગેરેની વસ્તી વધી પડવાથી તેઓ દીવસે ઘરમાં પડી રહી અગર શીમમાં આંટો મારી આવી ચોરી કરવાની ચીજો અને સવડ પડતી જગાઓનો તપાસ કરી આવી, રાતરે નીકળી પડે છે; અને ખેતરોમાંનો સાકણુસાયો, અગર લણી ઉપણી લીધેલા મોલની અગર ખેતીની સરાજમ કોસ, પયડાં, હોળ, રાંપડી વીગેરે અને લાગ ફાવે તો બળદો, ભેશો પણ ચોરી કરી લેઇ જાય છે; ખેતીનો મોલ દાણાં વગેરે તૈયાર થઈ ખળામાં ઢગલા પડયા હોય તે વખતમાં તો આ હરામખોરો દશ પંદર વીશની સંખ્યામાં ટોળા બંધ નીકળી પડે છે. અને સાચવવા સુતેલા ખેડુતની અગર ફરતાં રખવાળની પણ દરકાર ન રાખતાં તેમનેજ ઉલટા પકડી બાંધી રાખી તેઓ ચું ચાંકે બુમ ન કરે માટે ડાંગો કે લાકડીઓ તોળી નજીકમાં બે ચાર જણુ ઉભા રહે છે, અને બીજાઓ નીરભયપણે પોટલાં કે ગાંસડીઓ બાંધી તૈયાર દાણા કે મોલ લેઇ જતા રહે છે, અને વાર કે બુમનો લાભ ન મળી શકે એટલે દુર પહોચી જાય ત્યાં સુધી ત્યાંજ રહી પછીથી તેઓ પણ જુદી જુદી દીશામાં આડ ફાટે રસ્તે નાશી જાય છે. ટુંકામાં નાની અને હલકી ચોરીઓમાંથી તો કોઇકજ ખેડુત બચી જતો હશે, અને મોટી એટલે ખળા કે ખળવાડમાંના ઢગલાને ઢગલા ઉપાડી જવાના બનાવ પણ થોડા બનતા નથી. સૌથી વધારે ચોરીઓ સાકણુ સાયા ઉભા મોલની થાય છે, તેના ભારાને ભારા રાતમાં વાઢી લાવી પાછલી રાતના પરોઢીઆમાં નજીકના શહેરમાં કે કસબામાં જઈ વેચી આવે છે. દાખલા તરીકે અમદાવાદ

શહેરના બારે દરવાજા બહાર મોટા મળસકાની વખતે દરવાજા ઉઘડતા પેહેલાં આવા સેકડો બારા લાવેલાની ઠઠ માલમ પડશે. અને તેમાંના ઘણા ભાગના તો સાકણુસા ચોરીનાજ માલ ના હશે: પણ ફરીયાદ વગર દરવાજાની પોલીસચોકીવાળા શા માટે તપાસ કરે ? અને ફરીયાદ કરવાવાળો તો વખતે બે ત્રણ કે ચાર પાંચ ગાઉ ઉપર હોય, માટે નાની ચોરીઓ ના મોલ માટે તે લાવનાર અને વેચી ખાનાર શક પડતો માલમ પડે તો તેના નામ ઠામ વગેરેને લગતી યોગ્ય પુછ પરછ શેહરની પોલીસવાળા તરફથી થતી રહેતો ઘણે અંશે તેનો અટકાવ થાય, અને મોટી ચોરીઓને માટે તો વીલેજ પોલીસ જે હાલમાં ફકત નામની અને નકામા જેવી છે, તે ને સારા પાયા ઉપર મુકવાની જરૂર છે. અને ખેડુતો જે પોતાનો મહા મેહેનતે પકવેલો માલ લુટાઇ ચોરાઇ જતો. માલ લાચારીથી ટગર ટગર જોયા કરે છે, તેને માટે તેમાંના યોગ્ય સખસોને બંદુક જેવાં ભયંકર નહી પણ સાધારણ પંગતીના હથીઆરો રાખવાના પરવાના મફત એટલે ફી લીધા વગર છુટથી આપવા જોઇએ;

**ઓઘલા બાળવા**—ખેતીના પાકેલા મોલના સાકણુસા પુળા કે પરાળ. ખળાં, ખળવાડ, કે ગામ નજીકના કે ઘર ની પાછળના વાડામાં ઓઘલા કે ઢગલા કરી રાખવાની ખેડુતો ને જરૂર પડે છે, તેમાં આગ લગાડી બાળી નાંખવાના ગુન્હા કરવાનો ચાલ દીનપર દીન ઘટવાને બદલે વધતો જાય છે; આવા ગુન્હા ફક્ત કોઇ જાતનું વેર વાળવાની મતલબથીજ કરે છે; અને જેના ઉપરનું વેર હોય તેનાજ નહી. પણ ત્રાસ ઉપજાવવા લાગફાવે તેના ગમે તેના હોય, તેને પણ બાળી નાંખે છે. વળી દીવાશળી, કેરોસાઇન તેલ વગેરે સવડ પ

ડતાં સધાન મળવાથી હરામ ખોરો સેહેલાઇથી આકૃત્ય કરી શકે છે, અને પકડાવા પામતા નથી, તેમ શકપરથી પકડાય છે, તો સાબીત કરવા જેવો પુરતો પુરાવો મળી શકતો નથી, વગર પુરાવે શીક્ષા તો કરી શકાય નહી, પરંતુ આવા ગુન્હા કર નારા ઘણીક વખત લાગતા વળગતાનાં નામ તથા વેરની બા બત સંબંધીની જાસાચીઠીઓ નજીકમાં બાંધે છે, તે ઉપર ધોરણ બાંધી અને બીજી રીતના તર્કના આધારે ગામડાના નીશા કપટી ખેડુતો જે હરામખોરના ઉપર શક લાવી પકડાવે છે. તેની તજવીજમાં આપકારી વગેર કાયદાના ધોરણની મા ફક નીરદોશ થવાની સાબીતીનો બોજો તોહમતદાર ઉપર નાં ખવો જોઇએ.

**વેઠે ગાડા પકડવા બાબત**—સરકારી કામકાજને મા ટે અને ડીસ્ટ્રીકટ ફરતા અધીકારીઓનો સરસામાન લેઇ જ વા માટે ગાડાં મગાવવાની જરૂર પડે છે; પરંતુ તે પકડવા ની કઢંગી રીતથી ખેડુતોને ઘણી અડચણ અને ખેતીના ચા લતા કામમાં અટકાવ થાય છે, તેમ પોલીસના અને બીજા હલકા દરજાના પટાવાળાઓનો ત્રાસ ખમવો પડે છે, માટે ગાડા પકડવાની હાલની રીત તો બંધ થવીજ જોઇએ. અને તેને બદલે કંટ્રાકટની રીતે અગર ગામના કોઇ આગેવાન સ ખસની મારફત મગાવવાં જોઇએ. લશકરની કુચ વગેરેના જેવા જરૂરના કામ શીવાય, ખેતી કરનારા ખેડુતોનાં ગાડાં અને કામ પ્રસંગે કે માલ ભરીને શહેરમાં કે કસબાના મો ટા ગામોમાં આવેલા પરગામના ગાડાંને તો નહીજ પક ડવા જોઇએ—

**તગાવી બાબત**-ખેડુતોને તેમની જમીન સુધારવા તથા બળદ બીજ વગેરે ખરીદ કરવા તગાવીની નાની મોટી રક-

કમો હલકા વ્યાજે સરકાર તરફથી ધીરવાનુ કામ કેટલાંક વ
ર્ષોથી ચાલે છે; પરંતુ ખરૂં જોઇએતો તેનો લાભ દાર અને
આંટવાળા ખેડુતો લેવાને હજુ લલચાતા નથી; નાદાર અગર
આકરે વ્યાજે પણ બીજો કોઇ ધીરનાર ન મળે તેઓજ લે
વા ચાહાય છે; આનુ મૂખ્ય કારણ તગાવીના કાયદા અને
રૂલ મુજબની તપાસ અને પ્રોસીડીગ એટલે તુમારી લખાણ
ચાલવાથી થતી ઢીલ, અને તે વસુલ કરવા માટે ઠરાવેલી મે
હેસુલ માફકની રીત અને બીજી કેટલીક આકરી સરતો છે.
પાછળ જણાવવામાં આવ્યું છે, અને હાલ ફરીથી જણાવું
છું કે આવી ધીરધાર કરવાનુ શાહુકારોનુ કામ તે શાહુકારો
નેજ કરવા દેવું જોઇએ, તેમના કામમાં દખલ ગીરી કરવાથી
તે શાહુકારો ખેડુતો અને સરકાર સૌને નુકસાન સરખુ છે;
નામદાર સરકારે તો ફકત શાહુકારોની બાબતમાં પાછળ જ
ણાવ્યા મુજબની તેમને સવડતાઓ કરી આપવી જોઇએ.
મોટા અને આબરૂદાર જનીનદારોને ભારે ખરચવાળાં પાણી
નાં પાટસ્થળ બાંધવા તથા ખેડ કરવા અને પાણી ખેંચવાને
જોયતાં યંત્રો ખરીદ કરવાને તગાવી તરીકે ઓછામાં ઓછા
હજાર ઉપરાંતની રકમો ધીરવી ઘટારત છે. નાના ખેડુતો તો
ઘણે ભાગે સો, બસો કે, પાંચસોની રકમ નવા કુવા કરાવવા
ને માગે છે, તો તેતો સવડ પડતી રીતે સરકારે ખેડુતોના
અને પોતાના લાભની ખાતર એમને એમ બંધાવી આપવા
જોઇએ—

ખેતીવાડીની પેઢીઓ—આ યોજના આ દેશમાં બીલ
કુલ નવીન હોવાથી. તેનો અમલ એકદમ સર્વે જીલ્લાઓમાં
કરવાને બદલે શરૂઆતમાં તો અજમાયશ તરીકે એકાદ બે
ઠેકાણે દાખલ કરવી. ખરૂ જોઇએ તો આવી પેઢીઓને ઉત્તેજન

આપવા, સરકાર જેટલી અને જેવી મદત આપશે. અગર તેમનુ લેણુ વસુલ કરવાને સવડતા કરી આપશે, તેટલી તો શું પણુ તેનો નીમે કે ચોથો ભાગ આ શાહુકારોની બાબતમાં કરશે તો તેઓ આવી પેઢીઓના કરતાં પણુ વ્યાજ વગેરેની બાબ તમાં વધારે છુટથી કામ લેવા તૈયાર થશે-

**નવો જમીનદાર વર્ગ ઉભો કરવા બાબત**-હાલના ખેડુતોની દુરદશા દુર કરવા સંબધીના પાછળ જે જે ઉપયો બતાવ્યા છે; તથા હવે પછી બતાવવામાં આવશે, તે મુજબ અમલ કરવાની જરૂર છે; પરંતુ એટલું તો ખરૂં છે કે હાલની ખેડુતોની અજ્ઞાનતા, અને બચપણુથી ટેવાયલો સ્વભાવ અને લાંબી મુંદતથી ગળે વળગેલી સંસાર વ્યવહારીક રીત રૂઢીઓ જોતાં તેઓની સ્થીતી આ પાંચ દશ વર્ષની ટુકી મુદતમાં સુધરે તેમ લાગતુ નથી. અને તેઓની સ્થીતી સુધર્યા વગર ખેતીવાડીની સ્થીતી પણુ સુધરે નહી-માટે બીજા ઉપાયોની સાથે આ એક નવો જમીનદારી વર્ગ ઉભો કરવાની યોજના પણુ ધ્યાનમાં લેવા સરખી છે—આ વર્ગ હાલના ઉચી કેળવણી પામેલા અને નામદાર સરકારની વફાદારીની કસોટીમાં કસાઇ ભરૂસાને પાત્ર થએલા એવા ખેડુત વર્ગમાંના ગ્રહસ્થો, તથા લાંબી મુદત સુધી સરકારની ઉચા દરજાની સીવીલ કે મીલીટરી ખાતામાં નોકરી કરી પેનશન મેળવેલા નોકરો, તથા લોકોપયોગી અને પરોપકારનાં કામ કરી નામાંકિત થએલા શેઠ શાહુકારો, અને તે શીવાય જે બીજા ખાસ ગુણોને માટે માન અકરામના એલકાબ અને ખીતાબ આપવાની ભલામણુ કરવાને ઉચા દરજાના અધીકારીઓ જેમને લાયક ગણે છે, તેવા સખસોમાંથી જેઓ પોતાની ખુશી બતાવતા હોય, અને મળેલી જમીન સુધારવા તથા તા

ખાના ખેડુતોને આબાદ કરવાને જોયતુ ખરચ કરવાને પૈસા ટકાનું સાધન ધરાવતા હોય, તેવાઓમાંથી અમુક સંખ્યા દર વરસે પસંદ કરી કાઢવા જોઇએ; અને તેમને જમીનદારોને લગતા એટલે ઠાકોર, ગામેતી, અમીન, દેશાઇ, પટવારી વગેરે માન ભરેલા અસલી ક્રીતાબો હાલ જેમ બીજાં ક્રીતાબો અપાય છે તેમ દરબાર ભરી આપવા જોઇએ, વધારામાં એટલું કે આ ક્રીતાબોની સાથે ચઢતા ઉતરતા દરજાના પ્રમાણમાં ખેતીવાડીની જમીન પણ આપવી જોઇએ; જો કે આ બ્રીટીશ રાજ્યની સ્થાપના આ ગુજરાત પ્રાંતમાં થયા પછીથી હાલ સુધીમાં જુદાં જુદાં કાયદેસર કારણોથી ગરાસ વગેરે હકથી બહારખલી જમીન ધરાવતાં સંકડો ગામ અને હજારો વીઘાં જમીન ખાલસા થઇ ગએલી હશે, તે ઉપર નજર રાખી આ નવીન જમીનદાર વર્ગને અમુક સંખ્યાનાં ગામ કે જમીન બહારખલી ઇનામી તરીકે આપવાનુ પસંદ કરવા જોગ ન જણાય, અગર વીઘોટીના દરના જાથુ પટાથી આપવાને પણ ન બને, તો હાલના ચાલતા ત્રીશ વર્ષને પટે આપવી જોઇએ-હવે જ્યાં સુધી વગરકબજાની પડતર જમીન આપી શકાય ત્યાં સુધી તો તેવાં ગામ કે જમીન આપવી જોઇએ; પણ તેમ ન બને તો પછી કબજાવાળી જમીન કે તેવી જમીન ધરાવતાં ગામ સોપવાં જોઇએ; વગર કબજાની જમીન તો તે ઉપરના ખેડ હક સાથે, અને કબજાની જમીન તે ઉપરનો ચાલતા ખેડુતનો હક કાયમ રાખીને આપવી; પણ કાયદામાં ચાલતા વહીવટ મુજબ તે ઉપરના આકારની જે રકમ થાય તેનો પોણો ભાગ એટલે ¾ રકમ આ નવા જમીનદાર પાસેથી લેવી; અને તેના બદલામાં તે જમીન ધરાવતા ગામની વીઘોટી વસુલ કરી લેવાનું અને બીજુ હાલના ખાલસા ગામના તલાટીની પાસેથી જે કામ લેવામાં આવે છે. તે બધુ

કામ અને તે ગામને લગતાં જનમ મરણુની નોધ રાખવા વ ગેરે બધી જાતની સ્ટેટેસીકસનાં પત્રક વગેરનું કામ પણ લે વું, અને કબજાવાળી જમીનપરના હાલના ખેડુતના તેની એ જ મીનપરના કોઇપણ પ્રકારના ચાલતા હક, હવાલા કે ભોગવટા ને ખલેલ ન પહોચે તેવી સરતે આપવી, અને આવા જમીન દારો તેમને આપેલી સતાનો કોઇ પણ રીતે ગેરઉપયોગ ન કરે તેને માટે તેમને આપવાના પટામાં યોગ્ય સરતો દાખલ કરવી, તેમ તાલુકાના અને જીલ્લાના અધીકારીઓએ પુરતી દેખરેખ રાખવી–ટુકામાં તેમને સોપેલા ગામ કે જમીન ને વધારે આબાદ કરીને નફો મેળવવાની ફકત આશા રાખે તેમ તેમને સમજુત કરવી––અને જે આવા જમીનદારો પો તાને સોપેલા ગામના ખેડુતોની હાલત સુધારવાને બનતો પ્રયત્ન અને ઇલાજે કરી તેમની પુરતી પ્રીતી સંપાદન કરે અને તે ખેડુત વગેરે રૈયત અરજ કરે તો તે ગામની શીમ માં તેમને ફોજદારી, દીવાની અને છેવટે પોલીસનો અમુક દરજા સુધીનો અધીકાર આપવો. આમ થવાથી સરકારના તા લુકાના અને જીલ્લાના અધીકારીઓને કરવાનું ઘણું કડાકુટી યું કામ કમી થઇ જશે, અને તેથી તેમને રૈયતના સુધારાનાં અને લાભનાં બીજાં કામો કરવાને પુરતી ફુરસદ અને અનુ કુળતા મળશે. વળી આવા જમીનદારો કેળવણી અને બીજા દેશ સુધારાના કામોમાં નાણાની મદત પણ કરી શકશે. તેમ તેમનો મોહોબો વધાર્યાથી તેઓ સરકારના એક ખરેખરા વ ફાદાર આશ્રીત અને રૈયતની વફાદારી વધારનારા મારફતીયા થઇ પડશે—અને આબરૂદાર વર્ગના ગ્રહસ્થોના છોકરાંઓને પ ણ સરકારી નોકરી મેળવવાનાં ફાંફાં મારવાં પડે છે તે મટી જશે––આ લોકોને આપેલો હક જ્યારે તેઓ રાજદ્રોહ ના કે તેવા બીજા ભારે ગુન્હાના દોશીત ઇનસાફની ઉચા દ

રજાની કોરટથી સાબીત થાય; અગર તેમના ગામની રૈયત ઉપેર ગેરવ્યાજબી જુલ્મ ગુજારે કે તેમનો પોકાર થાય તો જ છીનવી લેવો નહી તો પુરૂશ વારસો (જો તેઓ લાયક જ ણાય તો) ના તરપ પણુ ચલાવવો; વેચાણ કે બીજાને નામે કરી શકાય નહી; તેમ બીનવારસી થએ સરકાર હસ્તક થાય તેમ થવું જોઇએ–આવા જમીનદારો વધારેમાં વધારે પાંચ પાંચ ગામના અને ઓછામાં ઓછા પચીસ એકર સુધીના હોય તો બસ ગણાય. વળી સરકારની કીમતી નોકરી બજાવનારાઓને માજી પોલીસ ઇન્સ્પેકટર રા. બા. ગજાનંદ વીઠલને દસક્રોઇ તાલુકાનું મેમનગર ગામ ઇનામી તરીકે આપેલું છે, તેવી રીતે અને બીજી રીતની સારી શેવા બજાવનારાને ધોળકા તાલુકાના સેરગી સાહેબને કેટલાંક ગામોનો પટો આપેલો છે તે મુજબનાં પણુ આપવાં યોગ્ય છે.

**વીઘોટીના પટા ( ટેન્યુર )**—યુરોપ અને અમેરીકા ખંડમાંના કેટલાક દેશના લોકો કદાપી પોતાના ઉપર રાજ્ય કરતા રાજા અને રાજ્યઅધીકારીઓને પોતાના રક્ષણુ કરનારા, કે ઉપરી કે વખતે તોરમાં પોતાના પગારદાર નોકર કહેવાની હીમત ધરતા હશે, પરંતુ આ દેશમાં તો અસલથી તે હાલ સુધી પણુ તેમને પોતાના ધણી, માલીક, અને માબાપ કે પમેશ્વર સમાન સમજી તે પ્રમાણે તેમને માન આપવાને અને તેમનો હુકમ પાળવાને બંધાયલા સમજે છે; તેથી તેઓ તેમના હરેક કાયદા કાનુનને તેમની સતા બહારનું એમ તો કહી શકવાનાજ નથી; પરંતુ તેઓ જે રહેમીઅત કે છુટ માગશે, તે છોકરાં માબાપ પાસેથી જેવી રીતે માગે છે તેવા નાતાથીજ માગશે કે આશા રાખશે.

મનુસ્મૃતી જેવાં શાસ્ત્રોકત પુસ્તકોમાંની અને જુના પ

રદેશી મુસાફરોની લખેલી હકીકતોને, તેમજ ચાલતી કહેવ તો અને દંત કથાઓને વેગળી મુકતાં, ફકત માજી બાદશાહી અને પેશવાઇ રાજ્યમાં પણ જમીન સંબંધીના ફારસી ભાષામાં અને કાજી વગેરેની સહી શીકાવાળા દસ્તાવેજોમાં જોતાં ઘર બારની તેમ ખેતીની જમીનની માલકી તેમના કબજેદારોની કબુલ રાખેલી જણાય છે. એવી જમીનના દરેક વેચાણ ખ તોમાં " અબરામ ફુળનદાવે " અગર " ચંદ્ર સુર્ય તપે ત્યાં સુધી " ના શબ્દો માલકી પણું બતાવવાને કેવા મહત્વના અને કીમતી છે, તે વીસે વધારે લખવાની જરૂર નથી; અને આજ કારણથી હાલમાં પણ ખેડુતો પોતાની જમીનને પો તાના છોકરા અને વારસો કરતાં પણ વધારે વહાલી અને ટકાઉ સમજી તેને બચાવી કે સાચવી રાખવા ચાહાય છે. કર જદાર થવાથી પણ પોતાની બીજી મીલકતને વેચ્યા પછીથીજ અને નજ ચાલે જમીનને વેચશે. છતાં પણ જોગવાઇ આવે પૈશા ભરેથી તે પાછી પોતાને આપવાની લખીતવાર કે ખા નગી સરત કરશે. તપાસ કરીશું તો ખેડુતોના ઘર કે ખેતી ની જમીન ઘણે ભાગે શાહુકારોને ઘેર વેચાણ કે ગીરો હશે પણ તે પૈકીની જુજજ ઉપરથી પોતાનો કબજો છોડેલો કે નામનો મોબદલો કરી આપ્યો હશે;--હાલમાં બ્રીટીશ અ મલના જોર અને સતાથી તેઓ જમીનપરના માહોમાહેના હ ક દાવા માટે અગાઉનાં દેશી રાજના વખતના જેવાં તોફાન મારા મારી કે બીજા ભારે ગુન્હા કરી શકતા નથી, પરંતુ તેને બદલે હવે દીવાની કોરટોમાં દાવા કરી નામદાર હાયકો રટ કે પ્રીવીકાઉન્સીલ સુધી પહોંચે છે-- ટુકામાં આ પ્રાંત ના ખેડુતોને પોતાની જમીનપર અને તેને કબજામાં રાખવા ઉપર અતીશય ચાહા અને મમત રહે છે.—

ઉપરના લખાણથી એમ સમજવાનું નથી કે નામદાર બ્રીટીશ રાજ્યમાં અસલી દેશી રાજ્યોના કરતાં ખેડુતોનો તેમની જમીનપરનો કબજો કે હક ઢીલો પડયો છે; હાલમાં પણુ લખાતાં ખતપત્રોમાં "અભરાય કુલન દાવા" અને ચંદ્ર સુર્ય તપે ત્યાં સુધી આ શબ્દો અને વાકયો છુટથી લખાય છે; શેહર અને કસબામાંની ઘર થાર જમીની બાબતમાં તો કદી કશો તેવો સવાલ પણુ ઉત્પન્ન થતો નથી, અને સીટી સર્વે તરફથી અપાતી સણંદોમાં પણુ "પ્રાઇવેટ પ્રોપરટી એટલે ખાનગી મીલકત" એવી હકની સરતો દાખલ કરેલી છે, તેમજ ખેતીની જમીનના સબંધમાં પણુ ખેડ હકને માલકી હકના સરખુજ વજન અપાઇ ઠરાવેલી વાંધોટીની રકમ ભરે ત્યાં સુધી અગર પબલીક કામને માટે જરૂર પડે તો કંપનશેશનની રકમ આવ્યા શીવાય કબજો છોડાવવામાં આવતો નથી.

હવે અગાઉના રાજ્યો કરતાં હાલમાં ફેરફાર થયાનું જોવા જઇએ તો અગાઉ ઘણે ભાગે ભાગ બટાઇનો એટલે નીપજના મોલનો ? થી તે ? સુધીનો ભાગ ગામની આબાદીના પ્રમાણમાં લેવાતો તેને બદલે હાલમાં રોકડ વીઘોટી લેવાય છે, જે પ્રમાણુમાં હલકા દરની અને ખેડુતોને આપવાને વધારે સુગમતાવાળી છે; પરંતુ તેમાં દર ત્રીશ ત્રીશ વરસે રીવીઝન કરવાની સરત દાખલ થવાથી ઠરાવેલા દરનું કાયમપણું રહેતું નથી. જો કે આ સરતથી પણુ સરકારની સાથે નબળી સ્થીતીમાં આવી પડેલા ખેડુતોને પણુ લાભ તો થાય છે, પરંતુ ખેડુતોને પોતાની જમીનની આબાદી કરવામાં કાયમના સરવેસેટલમેન્ટવાળા જમીનદારોના જેવી પોતાની જમીન સુધારી અને આબાદ કરી પુરતો નફો મેળવવાની

આશા ધરાવવાની હીમત ચાલતી નથી.-હવે જે ધોરણ દાખલ થઇ ગયું છે અને હાલ સુધી ચાલે છે, તેમાં ફેરફાર કરવાનુ કહેવાનું આપણને વ્યાજબી નથી. પરંતુ તેમાં કોઇ પણ તરે હનું કમતીપણું કે ઢીલાપણું તો થવુ ઘટારત નથી: તેમ હાલના ધોરણમાં આટલો તો ફેરફાર થવો ઘટારત છે કે, રીવીઝન સેટલમેન્ટ વખતે સરકાર તરફથીજ એટુ પાણી મળે તેવા બંધ, કેનાલ, કાંસ કે તળાવો પ્રથમના સેટલમેન્ટ પછીથી બંધાયાં હોય અને તેથી નીપજમાં જાથુનો વધારો થવા સરરખુ બન્યુ હોય તોજ વીઘોટીના દરનો વધારો થવો જોઇએ; વખત બદલાયાના કારણથી કે રેલવે, તાર અને બાંધેલા રસ્તાની સવડતા મળવાથી કે ભાવમાં વધારો થવાથી કે બીજા સુખ અને સવડતાનાં કારણથી વધારો ન થવો જોઇએ, કેમકે તેથી તો જેમ ખેડુતોને પેદાશ કે સુખ સવડતામાં વધારો થાય છે, તેમ ખેતી સંબંધીના ખરચમાં અને ઘર ખરચમાં પણ પ્રમાણમાંજ વધારો થાય છે. માટે "કાકા પરણ્યા અને ફોઇ રાંડયાની કેહેવત જેવું ન બને તેમ થવું જોઇએ,

વળી ખેડુત વીઘોટીની રકમ ન ભરી શકે પરંતુ ખાતરી પુર્વકની બાહેધરી કે જામીનગરી આપી મેહેતલ માટે અરજ કરે તો તેની જમીન હરરાજ થવી ન જોઇએ, અને હરરાજી કરરવાની જરૂર પડે તો બહારખલીને બહાખલીજ તરીકે અને ખાલસાને ખાલસા તરીકે હરરાજ કરી, બચત રકમ માલીકને પાછી આપવી જોઇએ;-ટુકામાં વીઘોટીને માટે ખેડુતની જમીન ફોર ફીટ એટલે સરકાર દાખલ થઇ, તેવી જમીનો પછીથી પોતાને ચોગ્ય લાગે તેવી સરતો અને મુદતના પટે આપવા જતાં કેટલીક મુદતે ઘણી સંખ્યાના ખેડુતો તેવી હાલતે પહોચવાનો સંભવ બને; અગર પોતાની જમીન જપત થતી અટકાવવાને દેવું કરીને પણ વીઘોટી ભરવાની

ફરજ પડે. વળી નવા રીવીઝન સેટલમેન્ટ વખતે "સબસોઇ લવોટર" ના દરનેનામે વધારો કરવામાં આવ્યો છે; તેથી પણ નઠારી અને ગામથી દુર પડેલી જમીન ધરાવતા ખેડુતોના પર નાહકનો બોજો વધ્યો છે. ને તેવી ઘણી જમીનની મહાદુરીઓ આપનારૂ કારણ બન્યું છે.

**સરકારનુ ખેતીવાડી ખાતું**—નામદાર સરકાર તરફથી ખેડુતોની સ્થીતી સુધારવાને તથા તેમને કરજમાંથી મોકળા કરી ફરીથી સેહેલાઇથી કરજ ન કરી શકે તેને માટે કાયદા અને કાનુનોમાં ઘટતો ફેરફાર અને સુધારો તથા બીજી યોજનાઓ કરવામાં અવે છે, તેની સાથે ખાસ ખેતીવાડીની સ્થીતી સુધારવાને કેટલીક મુદતથી ખેતીવાડીખાતુ કાઢેલું છે; અને તેનો વહીવટ ચલાવવાને દરેક તાલુકા, દરેક જીલ્લા, દરેક વીભાગ અને દરેક પ્રેસીડેન્સીને માટે નાના મોટા અમલદારો નીમેલા છે; અને તેઓ દરેક ગામમાં વાવેતર પડતર જમીનની તપાસણી, પાકેલા તુલની આનીઓ, બાણુ મોઢા વગેરે હદ નીશાનોની સ્થીતી, કબુલત મહાદુરીઓ વગેરેની સરાસરી વગેરે લગતી હકીકતની સ્ટેટેસ્ટીકસનાં પત્રકો વગેરે તથા સરકારી જમીનનું દબાણ, કે સરકારી ઉપજને નુકશાન કોઇ ન કરી શકે વગેરેની તપાસ, નીમતાના અને દેખરેખ વગેરેનું કામ કરે છે; તથા મોડલ ફાર્મ, કેટલફોર્મ, કેટલશેડ, ખેતીની નીપજનાં પ્રદરશણ વગરે સ્થાપી અગર અમુક મુદતે અને અમુક ઠેકાણે ભરી ઉતેજન આપવાની ગોઠવણો કરે છે; પરંતુ પુર્વ અને પશ્ચીમના રહેવાશીઓની રીત રીવાજ, સ્વભાવ અને ટેવ અને બીજી કેટલીક પદ્ધતિમાં ઘણો ફેર હોવાથી બીજી બાબતોની પેઠે આ ખાતાનો લાભ તેની પાછળ થતાં ખરચના પ્રમાણમાં ખેડુતો લેઇ શકતા નથી; સ્થાપેલાં મોડલફોર્મ અને કેટલફોર્મના વહીવટનો અને બીજો લગતો ખરચ એટલો તો એકસ્દાવે

જંટ એટલે ભારે અને તરસાળે નફાને બદલે ખોટ બતાવના ર પરીણામવાળો આવવાથી તેની નકલ કરવાનુ અહીંના ગ રીબ ખેડુતોને પાલવતું નથી, તેમજ તેઓ ખેતીવાડીના પાક વગેરની સ્થીતી અને લગતી બીજી બાબતોના આંકડાના પ ત્રકો તૈયાર કરે છે, તે પુરી પાડનારા તો મુળમાં ગામના પ ટેલ તલાટી અને તપાસનારા તાલુકાના સરકલ ઇન્સ્પેકટરો હોય છે, જેમાંના કેટલાક તો એવા જાડા કાળજાના અને હીમતવાન હોય છે કે, ખેતરોમાં ફરીને તપાસીને નકી કર વાને બદલે ચોરામાં બેશીને અને ઉપર ટપકેની પુછપરછ કરીનેજ માગેલાં પત્રકોમાં આંકડા ભરી આપે છે. માટે ના મદાર સરકારે ખેડુતોના લાભની ખાતર દરવરસે હજારો રૂ પીયાના ખરચથી આ ખાતું સ્થાપ્યું છે. તેનો લાભ ખેડુતો પૂરતી રીતે લેઇ શકે તેવી રીતનો આ ખાતાના કામકાજમાં વધારો કરવો જોઇએ. એટલે ખેતીના અંગનાં મુખ્ય ત્રણ સાધનો ખેડ ખાતર અને પાણી જે હાલમાં ઘણાંજ મોઘાં અને ખરચાળ થઇ પડવાથી, અને પાછળ જણાવ્યા મુજબ ખેડુતોની હાલ દુરદશા થઇ પડવાથી તેમનો લાભ લેવાને તેમને બની શકતું નથી. તે સાધનો તેમને કેટલેક અંશે સ રકારના ખરચે અને કેટલેક અંશે સસ્તી કીમત આપતાં તેમ ને મળી શકે તેવી તજવીજો કરવી જોઇએ—

સારી ખેતીવાડી તો શું પણ સાધારણ રીતે પણ ખેતી કરવાને પોતાની પાંસે જમીન હોવા છતાં ઘણા ખેડુતો બળ દ વગર અટકી પડે છે; કેમકે બળદોની જોડની કીમત ઓ છામાં ઓછા એકસો રૂપીઆથી ત્રણસો રૂપીઆ બેસે છે, વ ળી તે ખરચખાતું ધન અને રોગ વગેરેના ભોગ થઇ પડી મરી કે નકામા થઇ જવાથી ઘણા ખેડુતો નુકશાનમાં આવી પડે છે. માટે પ્રથમ તો નજીકનાજ ઠેકાણેથી સસતા બળદો મળી શકે તે

ને માટે તે બળદોને ઉત્પન્ન કરનારી ગાયોને પાળનાર અને તેમના વાછરડાને ઉછેરનાર રબારી, ભરવાડોને પુશકળ ઉત્તેજન આપવું જોઇએ, અને તેમને પોતાના એ ઢોરોને ચરાવવાને દરેક ગામની અગર નજીક નજીકના ચાર પાંચ ગામની વચમાં ચરાની જગાઓ, જંગલોની કે બીડોની માફક, મોટા વીસ્તારમાં રીઝર્વ રાખવી જોઇએ; આથીતો બળદોની સાથે, દુધ; માખણ ઘી વગેરે રૈયતના ખોરાકની ઉપયોગી જણશો પણ સસ્તી મળવાનો લાભ થશે તેમ ખાતર પણ પુશકળ મળી શકશે. વળી ઢોરોનુ છાણ જે એક કીમતી અને સસ્તુ ખાતર આદેશને માટે છે, તેનો બળતણ તરીકે ગેરઉપયોગ થાય છે, તે બંધ થવા બળતણનાં જળાઉ લાકડાં અને કોયલા, તેમને સસ્તા મળી શકે તેને માટે રીઝર્વ રાખેલા ચરાઓમાં સ્વાભાવીક રીતે ઉગતાં ઝાડોમાં વધારો અને વહેલાં કપાઇ ન જાય તેની તજવીજ રાખવાનો જુમો આ રબારી ભરવાડોને માથે નાખી, તે ચરાની જમીન જુજદરથી કે મફત ફક્ત તેમનાં ઢોર ચરાવવાનીજ સરતે આપવી જોઇએ. પાણીને માટે કેનાલ, કાંસ, બંધ વગરે ભારે ખરચનાં અને અકલ વાપરવાનાં કામો ઇન્જીનીઅર ખાતાને માટે રાખી, પુશકળ અને ઠેર ઠેર કુવાઓ નવા કરાવી આપવા અને જુનાને મરામત કરાવી આપવાનુ કામ આ ખાતા તરફથી થવું જોઇએ. અને તેને માટે તગાવીથી નહી પણ રોકડ ખરચની રકમ સરકારની અને મેહેનત મજુરીનું કામ ખેડુતો કરે અને તે કામ તે ખેડુતો પોતેજ ગામના આબરૂદાર પંચની દેખરેખથી કરે એમ થવુ જોઇએ.—ટુકામાં દર દશ, વીશ કે પચીશ એકર જમીનની વચમાં એક એક કુવો હોવો જોઇએ. હાલમાં પડેલા દુકાળોનો અનુભવ જોતાં હવે ખેડુતોને કેવળ વરસાદનાભરૂસાપર નીરાધાર સ્થીતીમાં રાખવા યોગ્ય

નથી—વળી સુધરેલી રીતની ખેડ વગેરે થઇ શકે તેવાં હોળ વગેરે ઓજારો અને પાણી પાવાના પંપ, ડંકી અને બીજા યંત્રો જે વીલાયત અને અમેરીકાથી મગાવવાં પડવાથી ઘણી કીંમતનાં હોય છે, તેની એક એક જોડ દરેક તાલુકાના મુખ્ય કસબામાંમાં રખાવી ઉપયોગ કરવાને ભાડાની સરતથી માગનાર ખેડુતોને અપાવાની ગોઠવણ કરવી, અગર કોઇનો તે કીંમત ખરચી મગાવવાની મરજી થાયતો તે આ ખાતા તરફથી લખાણ વગેરે કરી મગાવી આપવી જોઇએ. મીઠુ એ ખાતર તરીકે તેમ ઢોરના ખાણમાં નાખવાની જરૂર છે, તે અને સુરોખાર વગેરે ખનીજ પદાર્થો ખાતર માટે ખેડુતોને સસ્તી કીમતથી મળે તેમ પણ કરવુ જોઇએ—

વળી આ ખાતુ જે હાલમાં કેવળ રેવીન્યુ ખાતા રૂપજ હોય, એસ્ટાબલીશમેંટના નોકરોની ભરતી રેવીન્યુખાતાના નોકરોમાંથીજ કરવામાં આવે છે, તેને બદલે તેને એક સ્વતંત્ર કે કેળવણીખાતાનું અંગ બનાવી, ખેતીવાડીની વીધાનો ખાસ અભીયાસ કરી અમેરીકન કે વીલાયતની કે મુંબાઇની યુનીવરસીટીની તે વીષયને લગતી પરીક્ષા પાસ કરી ડેપ્લોમા કે ડીગ્રી મેળવેલાઓનેજ છેક સરકલઇન્સ્પેકટરથી તે ડીરેકટર સુધીના હોદ્દાની જગો આપવી. ખેડુતોની અને ખેતીવાડીની સ્થીતી સુધારવાના સંબંધમાં પાછળના લખાણમાં જણાવેલા સુધારા અને વધારા કરવા જતાં ખરચના સવાલપર ખાસ વીચાર અને ધ્યાન આપવા સરખુ છે, તો તે ખરચ મુખ્યત્વે તો હાલના રેવીન્યુખાતાના કેટલાક હોદ્દાની સંખ્યા અને પગાર (કેટલાક કેસમાં ઘણાજ ભારે છે) માંથ્રટતી કાપકુપ કરીને તેમજ દુકાળના વીમાફંડની રકમમાંથી. અને દીવાની કોરટોનું કેટલુંક કામ ગામની પંચાયતોને અને નવા જમીનદાર વર્ગને સોપી, તેમનુ કામ કમી થએ કોરટોની સંખ્યા કમી કરીને

અને બીજા વગર જરૂરી ખરચ બંધ કરી તેમાંથી કરવું જોઇએ. વળી આ મુજબના સુધારા અને ફેરફાર થવાથી પડતર અને ખાર વગેરેથી નહી ખેતી થતી જમીનપર ખેતીવાડીનો વધારો થઇ સરકારના રેવીન્યુ ખાતાની અને એગ્રીકલ્ચર ખાતાની ઉપજમાં પણ કેટલેક વરસે ઘણો વધારો થવા પામશે.

દુકાળ—ઘણુંકરીને દર વીશ બાવીસ વરસે એક મોટો દુકાળ અને તે દરમીયાનનાં વરસોમાં બે, ત્રણ ચાર ખયડીઆનાં એટલે પુરતા વરસાદ વગરનાં મોઘવારીનાં વરસ આવે છે, પરંતુ હાલની ગુજરાતની પ્રજા જેનો મોટો ભાગ ૫૦–૬૦ વર્ષથી કમતી ઊમરનો છે તેમના અનુભવમાંતો તે બાબત કાંઇક અંશે સને ૧૮૭૭–૭૮ પછીથીજ આવી હતી; તે ગયા છપનીયા દુકાળથી પુરેપુરી આવી છે; અને તેથી તેઓ ઘણાજ ગભરાટમાં આવી પડયા છે, અને તેના આવેશમાં કેટલાક દેશદાઝ જાણવાનો ફાકો રાખનારા તેનો દોશ નામદાર સરકારને માથે ઓરાડવાંના લખાણ ને ભાષણો કરે છે; પરંતુ જો તેઓના અનુભવમાંતો નહી પરંતુ તેમના ઘરડા વરડાઓથી. જાણવામાં કે સાંભળવામાં પાછલા સુકતાળા, અને અગનોતરા જેવા મોટા દુકાળોમાં પડેલાં દુખ અને સંકટની હકીકતો પુરતી રીતે આવે તો તેમ કરે નહી. અલબત છેલ્લાં ચારપાંચ વરસથી આ ગુજરાતની પ્રજાને માથે દુકાળ અને મોઘવારીનાં દુખ જાથુકની રીતે ચાલ્યાં આવે છે ખરાં અને તેને તેઓ મહા મુશીબતથી વેઠે છે ખરાં, પરંતુ આગલા સૈકાઓમાં પણ " સાત દુકાળી " એટલે લાગટ સાત સાત વરસ સુધી દુકાળ અને ખયડીયાં પડેલાંનુ માલમ પડે છે. હવે દરેક પ્રકારના સુખની સાથે જેમ દુઃખ વળગેલુ હોય છે, તેમ દુખની સાથે કાંઇક ફાયદા પણ હોય છે; ન-

હીતો મહાન કૃપાળુ દયાળુ અને ગરીબોના બેલી પ્રભુ આમ કરેજ નહી; જોકે તે ફાયદાતો આ ઠેકાણે બતાવવાની જરૂર નથી. વળી દુકાળના વખતમાં અને વીશેશે કરીને છેલા છપનીયા દુકાળમાં નામદાર બ્રીટીશ સરકારના પ્રતીનીધીઓએ નાણાંની કોથળીઓનાં મોડાં છુટાં મુકવાની અને નાના મોટા અધીકારીઓએ તેનો ઉપયોગ કરી દુખી રૈયતના જાન બચાવવા વગેરેની ગોઠવણો કરવામાં ખંત, અને કાળજી બતાવી જે રાત દીવસ મેહેનત કરી છે, તેવુ અગાઉના દુકાળો વખતે અગાઉના રાજ કરતાઓ તરફથી કરવામાં આવ્યુ હશે એ વીશે પણ ઘણો શક રહે છે.

પુર્વ અને પશ્ચિમની પ્રજાઓના રીત રીવાજ; આચાર વીચાર અને મત વગેરેમાંસ્વાભાવીક રીતેજ ફેર હોવાથી રાજપ્રકરણની કેટલીક બીજી બાબતોની પેઠે આ દુકાળને લગતી યોજનાઓ અને ગોઠવણો, તે પાછળ ખરચાતી નાણાની મોટી રકમ અને રખાતી ખંત, કાળજી અને લેવાતી મેહનતના પ્રમાણમાં પુરતી રીતે બંધબેસતી થઇ શકતી નથી, અલબત સારાનું ફળ નઠારૂં તો નજ હોય, પરંતુ તે પુરેપુરૂં સારૂં નીવડે તો રાજા અને પ્રજા બંનેને વધારે સંતોશકારક થાય.—હાલની રીતથી દુખી રૈયતને ચરવા કરતાં તરવાનુ કામ ભારે થઇ પડે છે; અને કામ લેનારા નોકરો કરવાં, તેમના ઉપર તપાસ રાખનારા, અને હીસાબ રાખનારા તથા બીજી પ્રકારનું ઉપરીપણું કે દેખરેખ રાખનારા તરીકે, મોટી સંખ્યામાં અને મોટા મોટા પગારની એ ખાતે કરવામા આવતી વધારાની નીમનુકોમાં ઘણું ખરચ કરવામાં આવે છે, તેને બદલે ખરચાતો પૈસો તમામ નહી તો ઘણો દુકાળ પીડીત રૈયતનાજ પેટમાં જાય અને તેમાંથી પાછળથી દુકાળનાંજ સંકટ કમતી થાય તેવાં કામો કરાવાય તેમ થવું જોઇએ.—મારે

દુકાળ પીડીત નાનાં ગામ ગામડાની તમામ રૈયતને નહી તો ખેતી કરનારા અને ખેતીની મજુરી કરનારા બધા સ્ટ્રપ્સો જેઓ ખોરાક માટે સરકારની મદદ માગે અગર મદદ કરવાને પાત્ર હોય,તેમને તેજ ગામની શીમમાં રીલીફ વર્કસ તરીકે નવા કુવાઓ કરાવવા તથા જુનાઓનેદુરસ્ત કરાવવાના કામની મેહેનતે વળગાડવા, તેમજ જે ખેડુતોની જમીનમાં કુવાઓ તૈયાર હોય તેમને પાણી ખેંચી કાઢવાને માટે જોયતા કોસ, વરત અને બીજી સરાજમ ( એના વગર પણુ ઘણા કુવા ઉપયોગમાં લીધા વગરના રહે છે ) અને બીજ વગેરેની મદદ આપી, બળદોને ઠેકાણે કામ કરવાને પુરતી સંખ્યાના આ દુકાળ પીડીત સખસો સોંપવા, અને તેમનો નીભાવ કરવાનું તે ખેડુતોનેજ માંથે રાખી, ખરચના પ્રમાણમાં તેમને રોકડ નાણાની કે અનાજ વગેરેની મદત આપવી, અને તે ઉપર દેખરેખ રાખવાનું, તેજ ગામમાંથી જે આબરૂદાર વોલેનટીઅરો મળી આવે તેમને સોંપવું, આ વોલેનટીઅરો કાંઇપણ મેહેનતાણું તો માગશેજ નહી. પરંતુ દુકાળનું નીવારણ થએ, આબરૂનાં સરટીફીકેટો કે માનના ખીતાબો અને કેટલાક ગ્રહસ્થો જેમની મેહેનત, પ્રમાણીકપણું અને ઉદારતાની ખાસ પીછાન કરવા જેવું હોય તેમને ઇનામ તરીકે પાછળ—(નવો જમીનદારી વર્ગ ઉભો કરવાની બાબતમાં) જણાવ્યા મુજબ જમીન કે ગામ સોંપવાં. આ પ્રમાણે તમામ પાકા તેમ કાચા કુવાને ઉપયોગમાં લેવાથી વરસાદના પાણીનું કામ સોળેસોળ તો નહી, પણ આઠ દશ આની પણ સરસે, અને દુકાળ પીડીત લોકોને પણ પોતાનાજ ગામમાં કે નજીકનાજ ગામમાં કામ મળવાથી, તેમની ઘણી પ્રકારની વીટંબણા કમી થઇ રોગના ભોગ થઈ પડતા બચશે. આવા સંકટના વખતમાં મોટાં મોટાં બાંધ કામોઉપર હજારોની સંખ્યામાં કામે વળગાડવાની રીત અનુકુળ પડતી

મતી નથી; તેમજ નીરાશ્રીત કે અનાથ આશ્રમો કે બાળ આશ્રમો સ્થાપવાની અને ડોલ આપવાની સીસ્ટમ પણ, પ્રતી કુળ અને વધારે ખરચાળુ થઇ પડે છે; આવા શખસોને, તેમનાં માબાપ કે બીજાં લાગતાં વળગતાં સગાઓના આશ્રયનેજ તેઓ પ્રથમથીજ જે રીતે રહેતાં હોય તેમજ રહેવા દેઇ ઉપર બતાવ્યા મુજબ મદત આપી તેમના પોશણ માટે બંદોબસ્ત કરવો. આમ કરતાં પણ સંખ્યા વધી પડે તો, ઇરીગેશનનેજ લગતા મોટાં કામો જેવાં કે પાણી સંગ્રહ કરી રાખવા સારૂ મોટાં તળાવો, નીચાણ કે ઢોળાવવાળી જગોનું વહી જતું પાણી અટકાવી રાખવાના બંધ બધાવવા, કે કાંસ ખોદાવવા અને તેવાંજ બીજાં પાટસ્થળો બંધાવવાનાં કામો કાઢી તે ઉપર સારા બાંધાના અને જેમની ખુશી હોય તેવાઓને વળગાડવા—અને તેમને પણ કામના પ્રમાણમાં વનો ઓછો દર નહી આપતાં શરીરની સ્થીતીપર નજર રાખી પેટ પોશણ થાય તેટલો આપવો; જરૂર જણાય તો વધારે કે સારૂ કામ કરનારને ઇનામ તરીકે કાંઇક વધારે આપવું પરંતુ દંડ તરીકે કમી તો આપવુંજ નહીં.

રીલીફ વર્કસ તરીકે પ્રથમ નંબરે કુવા, બીજે નંબરે બારે માસ ભરપુર વહેતી નદીઓમાંથી કેનાલો, ત્રીજે નંબરે પાતાળ કુવા, કે પાઇપ કુવા ચોથે નંબરે, તળાવો અને બંધ ને પાંચમે નંબરે વરસાદપરજ આધાર રાખતા કાંસ અને છઠે નંબરે ફીડર રેલવે રાખવી જોઇએ.